# પ્રકરણ-1
# અહેવાલ સારાંશ


| ક્રમ | વિષય | પાન ક્રમાંક |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | સંશોધન પદ્ધતિ | 2 |
| 1.3 | મુખ્ય ભલામણો(કાર્ય આયોજન ટૂંકસાર) | 3 |
| 1.4 | ઉપસંહાર | 4 |

# પ્રકરણ-1
# અહેવાલ સારાંશ

### 1.1 પ્રસ્તાવના:

આદિવાસી આર્થિક વિકાસ દર્શનને સમજવા અને તેના ગૃહિતાર્થોને સ્પષ્ટ કરવા માટે પ્રારંભે પ્રત્યેક જિલ્લા સંશોધક દ્વારા પોતાના જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ દર્શનની છણાવટ કરવાનું નક્કી થયું. ભૌગોલિક રીતે ગુજરાતનો આદિવાસી વિસ્તાર ઘણી જ વિભિન્નતા ધરાવે છે. આ વિવિધતાને આધારે પ્રત્યેક પ્રદેશમાં આદિવાસી કળા, કૌશલ્ય અને જીવનનિર્વાહના વિકલ્પો જુદા જુદા રહેવાના. પ્રસ્તુત સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન હેવાલ તે પ્રત્યેક જિલ્લાના જિલ્લા સંશોધક દ્વારા પોતાના જિલ્લા અનુસાર તૈયાર કરેલ આદિવાસી આર્થિક વિકાસ દર્શન હેવાલના પરિપાકરૂપે તૈયાર થયેલો છે. હેવાલ તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી ક્ષેત્રોમાં ટકાઉ વિકાસ સંદર્ભે રોજગારીની તકો તથા આજીવિકામાં વૃદ્ધિનો રહ્યો છે. મહાત્મા ગાંધી વિકાસને સર્વગ્રાહી સ્વરૂપે જોતાં હતા, જે ટકાઉપણાની વિભાવનમાં આંશિક પ્રતિબિંબિત થાય છે. પ્રસ્તુત સાબરકાઠા જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનના અહેવાલમાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે તેને ટૂંકસાર રૂપે નીચે મુજબ રજુ કરી શકાય.

### 1.2 સંશોધન પદ્ધતિ:

આદિવાસી આર્થિક વિકાસ દર્શન નિર્માણનાં સ્વરૂપને જોતાં તે વાસ્તવિકતાનો અભ્યાસ કરી ભાવિવિકાસ અંગે ભલામણો કરવાનું બની રહે છે. આ સંદર્ભમાં વાસ્તવિક આદિવાસી આર્થિક પરિસ્થિતિને સમજવા માટે સામાજિક વિજ્ઞાનમાં પ્રયોજવામાં આવતી પ્રયુક્તિઓ જેવી કે મોજણી, સમૂહચર્ચા, મુદ્દાકેન્દ્રી જૂથ ચર્ચા, નિરીક્ષણ વગેરેનો માટે ઉપયોગ કરાયો છે. મુખ્યત્વે આદિવાસી આર્થિક વિકાસ દર્શન નિર્માણ સારુ તેમાં શક્ય તેટલા મહત્તમ આદિવાસી સમુદાયમાંથી આવેલા સંશોધકોની સહભાગીતા ઇચ્છનીય બની રહે, જે અંગે અહી પર્યાપ્ત ધ્યાન અપાયું છે. આદિવાસી આર્થિક વિકાસ દર્શન " નીચેથી ઉપર" એટલે કે" Bottom Up" અભિગમ દ્વારા નિર્માણ કરવાનો પ્રયત્ન છે. અહીં પ્રત્યેક પ્રદેશના સ્થાનિક આદિવાસીને જિલ્લા વાર જુદા જુદા સંશોધકો (જેમાં મૂળભૂત રીતે સ્થાનિક સંશોધક હોય) તેવો પ્રયાસ રહ્યો છે. પ્રત્યેક જિલ્લાના જિલ્લા સંશોધક દ્વારા તે જિલ્લાના સંસાધનો અને વિકલ્પોની ખોજ કરીને જિલ્લા માટેનું આદિવાસી આર્થિક વિકાસ દર્શન તૈયાર કરવામાં આવ્યું. આ સ્થાનિક આદિવાસી આર્થિક વિકાસ દર્શનના આધારે ચર્ચા-વિચારણા અને વિચારમંથનના પરિપાકરૂપે, જે સમગ્ર પ્રદેશને સ્પર્શે છે અને રાજ્યના તમામ આદિવાસી

સમુદાયોને જેના થકી લાભન્વિત કરી શકાય તે પ્રકારના, ઉપાયો અને વિકલ્પોનું સંકલન કરીને પ્રસ્તુત આદિવાસી આર્થિક વિકાસ દર્શનનો સંયુક્ત હેવાલ તૈયાર કરવામાં આવેલ છે. આ ક્રમમાં અહી આ સાબરકાંઠા જીલ્લા માટેનો આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ શર્જન કરવામાં આવેલો છે.

1.3 **મુખ્ય ભલામણો(કાર્ય આયોજન ટૂંકસાર)**

**વિવિધ ક્ષેત્ર વાર કાર્ય-આયોજન**:

1. **કૃષિક્ષેત્રના વિકાસ દ્વારા આદિવાસી આર્થિક ઉત્થાન માટેની ભલામણો**:
   1.1 રોકડિયા પાકો માં આદિવાસી આવક વૃદ્ધિ માટેના પ્રયત્નો સરકાર દ્વારા રોકડિયા પાકો માટે પ્રોત્સાહન આપની આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી .:

   1.2 પરંપરાગત કૃષિ પાક માં આદિવાસી ખેડૂતો દ્વારા ઈચ્છનીય કૃષિ રૂપાંતરણ પ્રક્રિયા માટે માટે પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી:

   1.3 આદિવાસી જમીન વિસ્તારમાં સિંચાઈ સુવિધા વૃદ્ધિ ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની સિંચાઈ સુવિધાઓનો વિકાસ અને વિસ્તાર કરી શકશે.

   1.4 જમીન નવસાધ્ય અને જમીન ઉત્પાદકતા વધારવા માટેના ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી વિવધ પ્રદેશવરની આદિવાસી માટેની વિવિધ વિકલ્પો સહિતની યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની પદ્ધતિ અપનાવી જમીન નવસાધ્ય કરી શકશે.

   1.5 આદિવાસી ખેત-ઉત્પાદનો ના વેચાણ પ્રશ્નો અને નિવારણસરકારે પ્રત્યક્ષ રીતે હસ્તક્ષેપ કરવો પડશે અને આદિવાસી સમાજને ખેત પેદાશમાં અનુભવ થતી શોષણ પ્રક્રિયાઓ માંથી મુક્તિ અપાવવી પડશે.

   1.6 આદિવાસી ખેડુત સહકારી મંડળી નિર્માણ ની પ્રક્રિયા માટે આદિવસી વિસ્તારોમાં અલાયદા પ્રોત્સાહન આપવા પડશે. :

   1.7 અંતરિયાળ પ્રદેશના આદિવાસી ખેડૂતોના વિશિષ્ટ પ્રશ્નો& નિવારણ જે તે પ્રશ્નના સ્વરૂપ ણે સમજીને તે સંદર્ભના નિષ્ણાતો ની મદદ થી સર્જન કરવા પડશે. :

   1.8 આદિવાસી ખેડૂતો દ્વારા આધુનિક ખેતીના પ્રયોગો ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની યોગ્ય આધુનિક સુવિધાઓ વિકાસ કરી આધુનિક ખેતી વિકસાવે આ પ્રકારની આદુનિક ખેતી વિકસાવવા માટે જરૂરી સુવિધાઓનો વિકાસ અને વિસ્તાર સ્થાનિક કક્ષાએ આદિવાસી પ્રદેશમાં કરવાથી આધુનિક ખેતીને પ્રોત્સાહિત કરી શકશે. આ મતે બિનપરંપરાગત કૃષિ પ્રયોગો અને સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂત નો વિકાસ થાય તે માટે પ્રત્યક્ષ પગલા લેવા અનિવાર્ય છે.

2. ઔદ્યોગિક ક્ષેત્રમાં આદિવાસી શ્રમિકોની ઉત્પાદકતા વૃદ્ધિના પ્રયત્નો
    2.1 માનવ સંસાધન વિકાસ અને આદિવાસી શ્રમિકોની ઉત્પાદકતા વિકાસ માટેના પ્રોત્સાહન ઉભા કરવા અનિવાર્ય છે આદિવાસી ણે વિવધ તાલિમ આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અને તાલિમ શિબિરો અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની પોતાની અનુકુળતા મુજબની તાલિમ સુવિધાઓનો લાભ મેળવી પોતાના કોશલ્યનો વિકાસ અને વિસ્તાર કરી શકશે.

    2.2 કૌશલ્યવર્ધન કાર્યક્રમ અને આદિવાસી યુવાઓની ભાગીદારી,વિકાસ કરવા માટે યુવાનો ણે ખાસ પ્રકારના પ્રલોભનો અને પ્રોત્સાહનથી આકર્ષવા પડશે.
    2.3 શિક્ષણ અને તાલીમ વિકાસ દ્વારા આદિવાસી શ્રમિકની કેળવણી આયોજનના કેન્દ્ર બિંદુમાં રહેલ છે. તેના તરફ ખાસ ધ્યાન આપવું પડશે.

3. સેવા ક્ષેત્ર દ્વારા આદિવાસી યુવાઓમાં સ્વાવલંબન અને સ્વરોજગારી:
    3.1 જિલ્લામાં પ્રવાસન ઉદ્યોગ અને આદિવાસી યુવાઓમાં રોજગારી સર્જન ખુબ મોટી શક્યતા ધરાવે છે. આદિવાસી યુવાનો આ શક્યતાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરે તે માટે નું યોગ્ય વાતાવરણ શર્જન કરવું પડશે.
    3.2 આધુનિક બજાર ની માંગ અનુસાર ની સેવા માટે આદિવાસી યુવાઓની તાલીમ:આધુનિક બજાર માગ સતત બદલાતી જતી જોવા મળે છે. આદિવાસીને આ માટે કોમ્પુટર અને મહીત્તી સંચાર ક્ષેત્રોમ તાલિમ આપી કેળવવા અનિવાર્ય છે.
    3.3 કોમ્પ્યુટર વિજ્ઞાન અને IT- ક્ષેત્રમાં આદિવાસી યુવાઓની ભાગીદારી વિક્શાવવા માટે તેમને આ ક્ષેત્રોમાં આકર્ષવા માટેના પ્રોત્સાહન શર્જન કરવા પડશે.
4. આર્થિક-સામાજિક માળખું(Infrastructure): વિવિધ સમસ્યાઓ અને નિવારણ માટેનું કાર્ય આયોજન સમય બદ્ધરીતે વિચરી તેને વિક્શાવવા માટે અગ્રીમતા ક્રમે કાર્ય કરવું તે આ શાથે ભલામણ કરવામાં આવે છે.
5. આદિવાસીના માનવ વિકાસ આડેના અંતરાયો અને નિવારણ માટેના કાર્ય આયોજન વહેલામાં માં વહેલી તકે હાથ ઉપર લેવા ભલામણ કરવામાં આવે છે. આદિવાસીના માનવ વિકાસ આડેના અંતરાયો યોગ્ય અભ્યાસો દ્વારા ઓળખવા અને યોગ્ય નિષ્ણાતો દ્વારા તેના નિવારણ માટેના આયોજન કરવા ભલામણ છે.

## 1.4 ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું સમક્ષ ચાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં જિલ્લાનો ટુકો પરિચય મેળવીને

આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે માહિતી મેળવીશું.

# પ્રકરણ-2

# આદિવાસી વિકાસ

# આદિવાસીઓના મંતવ્યો



| ક્રમ | વિષય | પાનક્રમાંક |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના | 7 |
| 2.2 | વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા | 7 |
| 2.3 | આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો | 10 |
| 2.4 | ઉપસંહાર | 11 |

# પ્રકરણ-2

## આદિવાસી વિકાસ આદિવાસીઓના મંતવ્યો

**૨.૧ પ્રસ્તાવના:**

આદિવાસી સમાજ વિકાસને મુખ્ય પ્રવાહના વિકાસથી અમુક ક્ષેત્રોમાં નોખો તારવી શકાય તો બાકીના ક્ષેત્રોમાં આદિવાસી સમાજનો વિકાસ મૂળ પ્રવાહના વિકાસ વિભાવના સાથે જ સયુક્ત રીતે જોડીને વિચારી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, આદિવાસી સમાજના એક અપૂરતો વિકાસ પામેલા અથવા વિકાશશીલ અંગ તરીકે જોઈ શકાય.

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસીઓના આર્થિક વિકાસ તરીકે જે મંતવ્યો રજૂ કરવામાં આવ્યા છે તે મંતવ્યો આ બૃહદ પ્રકલ્પના એક જિલ્લા સંશોધક અને મારા પરમ મિત્ર એવા શ્રી કનુભાઈ વસાવા સાહેબ સાથેની ચર્ચાઓ અને વિચારો ની આદાન-પ્રદાન પ્રક્રિયામાંથી નિસ્પંદન થયા છે. અહીં આ સમયે આદિવાસી આર્થિક વિકાસ દર્શન અંગેના તેમના વિચારો તેમણે જે રજૂ કર્યા છે અને વિષય સંદર્ભનો માર્ગ જ્ઞાન વધાર્યું છે તે બદલ હું શ્રી કનુભાઈ વસાવા સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

**૨.૨ વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા**

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ. વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને

સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો. આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થે માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની

સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.

આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ થાકી તેમની અન્ય ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.

પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર

મળશે તો તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શેક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## ૨.3 આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારૂં સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને

જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.

જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..

આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

## ૨.૪ ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી હાર્દિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્ર તહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ-3

# જીલ્લાનો વિષય સંબંધિત પ્રાથમિક પરિચય


| ક્રમ | વિષય | પાનક્રમાંક |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 13 |
| 3.2 | સાબરકાંઠાની વસ્તી વિષયક મૂળભૂત માહિતી | 13 |
| 3.3 | સાબરકાંઠાના આદિવાસી તાલુકાઓમાં સિક્ષણ | 18 |
| 3.4 | સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં સ્વાસ્થ્ય નિર્દેશકો: | 23 |
| 3.5 | તાલુકાવાર આર્થિક નિર્દેશકો | 28 |
| 3.6 | ઉપસંહાર | 34 |

# પ્રકરણ-3

# જીલ્લાનો વિષય સંબંધિત પ્રાથમિક પરિચય

### 3.1 પ્રસ્તાવના:

સાબરકાંઠા જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ મુખ્યવે એ વિચાર આધારિત છે કે, આદિવાસી આર્થિક વિકાસ દર્શન તેના મૂળ સ્વરૂપમાં આદિવાસીઓનો એક સમૂહ તરીકે વિકાસ થાય તે માટેનું આ ચિંતન છે. પરંતુ અહી વિકાસ માત્ર આર્થિક વિકાસ હોય તેમના સાંસ્કૃતિક મૂલ્ય  અને તેમની સંસ્કૃતિ ને કોઈપણ પ્રકારની ખલેલ પહોંચાડયા વગરનો આ વિકાસ છે,જો વિકાસ કરવો હોય તો આ વિકાસ પ્રદેશ વાર વિચારવું પડે કારણકે આમ કરવા જતાં પ્રાદેશિક સાંસ્કૃતિક વૈવિધ્ય ને જાળવી રાખીને  વિકાસ ચિંતન કરી શકાય. તેમના વૈવિધ્યસભર પ્રાદેશિક અભિગમને  સમજવાની  જે જરૂરિયાત ઊભી થાય છે તેના કારણે સમગ્ર ચિંતનને પ્રાદેશિક સ્તરે વિચારતા અલગ અલગ જિલ્લા માટે અલગ-અલગ ચિંતન રજુ કરવામાં આવેલ છે. આદિવાસી આર્થિક વિકાસમાં સામૂહિક જરૂરિયાત હોય એટલેકે જો કોઈ સામ્યતા ધરાવતી જરૂરિયાત હોય તો તેને  સમૂહમાં વિચારાયું છે.

### 3.2 સાબરકાંઠાની વસ્તી વિષયક મૂળભૂત માહિતી

| Population | | | Density per sq.km. | | Growth Rate (%) | |
|---|---|---|---|---|---|---|
| 1991 | 2001 | 2011 | 2001 | 2011 | 1991-2001 | 2001-11 |
| 73391 | 90766 | 103895 | 199 | 228 | 23.70 | 14.46 |
| 175395 | 206168 | 239216 | 286 | 332 | 17.50 | 16.03 |
| 164514 | 223502 | 293143 | 268 | 352 | 35.90 | 31.16 |
| **1761086** | **2082531** | **2428589** | **282** | **329** | **18.30** | **16.62** |
| **41200000** | **50600000** | **60439692** | **258** | **308** | **22.70** | **19.45** |

સાબરકાંઠા જિલ્લામાં 2091 થી લઈને ૨૦૧૧ સુધી વસ્તીની ગીચતા અને વસ્તીનું વૃદ્ધિદર રાજ્યના અન્ય પ્રદેશ જેવો જ રહ્યો છે પરંતુ આદિવાસી તાલુકા એવા વિજયનગર અને ખેડબ્રહ્મા માં વસ્તીનો વૃદ્ધિ દર જિલ્લા અને રાજ્યોની તુલનામાં નોંધપાત્ર રીતે નીચો રહેવા પામ્યો છે સંભવતઃ તેની પાછળનું કારણ આ તાલુકાઓમાંથી રોજગારી અર્થે હતું   થાળઆંતર હોઈ શકે. વસ્તી ગીચતા ની બાબતમાં કહી શકાય કે સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકા એવા ખેડબ્રહ્મા અને વિજયનગર માં વસ્તી ગીચતા  રાજ્ય અને જિલ્લા ની લગભગ લગોલગ છે એટલે કે રાજ્યમાં અને જિલ્લામાં જે વસ્તી ગીચતા પ્રવર્તે છે તેજ વસ્તી ગીચતા  ખેડબ્રહ્મામાં પ્રવર્તે છે જોકે  વિજયનગર તાલુકામાં વસ્તી ગીચતા નોંધપાત્ર રીતે જુદી જોવા મળે છે સંભવતઃ કારણ  આ તાલુકામાં  મોટા પ્રમાણમાં

આવેલા જંગલ પ્રદેશ હોઈ શકે

| Taluka | Scheduled Caste Population | % to total Population | Scheduled Tribe Population | % to total Population |
|---|---|---|---|---|
| Vijaynagar | 4879 | 4.70 | 81509 | 78.45 |
| Bhiloda | 11527 | 4.82 | 137727 | 57.57 |
| Khedbrahma | 8696 | 2.97 | 220964 | 75.38 |
| **Sabarkantha** | **187685** | **7.73** | **542156** | **22.32** |
| **Gujarat** | **4074447** | **6.74** | **8917174** | **14.75** |

સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકા તરીકે વિજયનગર અને ખેડબ્રહ્મા એ બે તાલુકા ની ગણતરી થાય છે હા તાલુકાઓમાં કુલ વસ્તીના અનુક્રમે 58.5 ટકા અને 75. ૩૮ ટકા વસ્તી આદિવાસી વસ્તી તરીકે વસવાટ કરે છે વળી ઉલ્લેખનીય છે કે ટેબલ માં દર્શાવ્યા અનુસાર આ તાલુકાઓમાં એસ.સિ વસ્તી અત્યંત ઓછી છે તેથી કહી શકાય કે હા તાલુકાઓમાં વસ્તી સામાજિક અને આર્થિક રીતે જો કોઈ સમૂહ હોય તો તે માત્ર આદિવાસી વસ્તી છે આ ઉપરાંત આ બંને તાલુકાઓમાં શહેરી વસ્તી પણ અત્યંત ઓછી છે જે નીચેના ટેબલ ઉપરથી જોઈ શકાય છે.

| Taluka | Urban Population | | | rbanization (%) | | |
|---|---|---|---|---|---|---|
| | 1991 | 2001 | 2011 | 1991 | 2001 | 2011 |
| Vijaynagar | 0 | 0 | 6078 | 0 | 0 | 5.85 |
| Bhiloda | 0 | 0 | 16074 | 0 | 0 | 6.72 |
| Khedbrahma | 17231 | 25556 | 25001 | 10.47 | 11.43 | 8.53 |
| **Sabarkantha** | **185168** | **225129** | **363720** | **10.51** | **10.81** | **14.98** |
| **Gujarat** | **1424606** | **18930250** | **25745083** | **34.49** | **37.4** | **42.59** |

1991 અને 2001ના ફેન્સ અનુસાર વિજયનગર તાલુકામાં શહેરી વસ્તી અસ્તિત્વ ધરાવતી ન હતી પરંતુ ત્યારબાદ 2011ના સેન્સસ અનુસાર વિજયનગર તાલુકામાં કુલ વસ્તીના લગભગ ૬ ટકા જેટલી વસ્તી શહેરી વસ્તી છે આ જ પ્રમાણે ખેડબ્રહ્મા તાલુકામાં પણ કુલ વસ્તીના ૮.૫ ટકા વસ્તી શહેરી વસ્તી છે આ તાલુકાનું ની તુલના જિલ્લા અને જિલ્લા અને રાજ્ય સાથે કરવામાં આવે તો કહી શકાય કે શહેરીકરણની બાબતમાં જિલ્લાની તુલનામાં આ તાલુકાઓમાં શહેરીકરણ અડધું છે રાજ્ય સાથે તેની સરખામણી કરતા કહી શકાય કે શહેરીકરણ લગભગ પાંચમા ભાગનો છે આમ રાજ્યના છેવાડામાં અસ્તિત્વ ધરાવતા સાબરકાંઠા જિલ્લાના આ બે તાલુકા નિશા શહેરીકરણ અને બિનઉપયોગી ક્ષેત્ર દ્વારા નિરવા કરે છે

| Taluka | Total House Holds | Electricity | | Toilet | | Household With Tap Water | |
|---|---|---|---|---|---|---|---|
| | | No | % | No | % | No | % |
| Vijaynagar | 20881 | 20634 | 98.82 | 12201 | 58.43 | 6230 | 29.84 |
| Bhiloda | 48234 | 42614 | 88.35 | 23598 | 48.92 | 25647 | 53.17 |
| Khedbhrama | 49560 | 42109 | 84.97 | 24381 | 49.19 | 21120 | 42.62 |
| **SabarKantha** | **481414** | **457585** | **95.05** | **283210** | **58.83** | **344951** | **71.65** |
| **Gujarat** | **12181718** | **9794101** | **80.40** | **5433046** | **44.60** | **7698846** | **63.20** |

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકાઓમાં 98.82% કેટલાક ઘરોમાં વીજળીની સુવિધા પ્રાપ્ત થઈ ગઈ છે જ્યારે ૫૮ ટકા જેટલા ઘરોમાં સૌચાલય ની સુવિધા પુરી પાડવામાં આવી છે નળ દ્વારા પાણી પુરવઠો લગભગ ૩૦ ટકા જેટલા ઘરોમાં પ્રાપ્ય છે આજ ટકાવારી ખેડબ્રહ્મા તાલુકાની ગણીએ તો અનુક્રમે 85% 50% અને ૪૩ ટકા થવા જાય છે આ આંકડાઓ ની તુલના સાબરકાંઠા જિલ્લા સાથે કરીએ તો ટેબલ માં દર્શાવ્યા અનુસાર આ ટકાવારી અનુક્રમે 95% 58% અને 71 ટકા છે આમ આદિવાસી તાલુકાઓમાં જિલ્લાની સરખામણીએ વીજળીકરણ બીપી જોવા મળે છે કે શૌચાલયની સુવિધા બાબતમાં કોઈ ખાસ  તફાવત નથી. નળ દ્વારા પીવાના પાણીની સુવિધા મેળવતા ઘરોની સંખ્યા રાજ્યની સરેરાશ કરતાં ઘણી જ ઓછી જોવા મળે છે સાબરકાંઠા જિલ્લામાં લગભગ 72 ટકા જેટલી વસ્તી નળ દ્વારા પીવાનું પાણી મેળવે છે જ્યારે આદિવાસી તાલુકાઓમાં વિજયનગર તાલુકામાં માત્ર  30% અને ખેડબ્રહ્મામાં માત્ર ૪૨ ટકા વસ્તી નળ દ્વારા પાણી મેળવી રહી છે જે રાજ્યની સરેરાશ 63% કરતાં પણ ઘણું જ ઓછું છે આદિવાસી વિકાસ તે
આદિવાસી સમૂહ ના તંદુરસ્તી સાથે સીધો સંબંધ ધરાવે છે નળ દ્વારા અપાતા ગુણવત્તા યુક્ત પાણી દ્વારા સ્વાસ્થ્ય સુધારણા મેળવી શકાય તેથી નળ દ્વારા પીવાનો ગુણવત્તાસભર પાણી આદિવાસી વિકાસના પ્રાથમિક સ્ત્રોત તરીકે ગણાવું જોઈએ બીજા શબ્દોમાં કહીએ તો પીવાના પાણી ની વ્યવસ્થા આદિવાસી વિકાસ માટે પ્રાથમિકતા માંગી લે છે.

પીવાના પાણીનું નેટવર્ક જેટલું જરૂરી છે એટલું જરૂરી સ્થાનિકોનું પરિવહન પણ છે સ્થાનિકોનું પરિવહન તે પ્રદેશના રસ્તા ઉપર નિર્ભર છે પાકા રસ્તા વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે જે અંગેની માહિતી નીચેના ટેબલ ઉપર થી મેળવી શકાય છે.

| Region/Taluka | Total Area (in sq.kms.) | Total population | Road length (in kms.) | Per 100 sq.kms. of Area | Per one lakh Population |
|---|---|---|---|---|---|
| Vijaynagar | 456.05 | 90766 | 372 | 81.6 | 409.85 |
| Bhiloda | 720.45 | 206168 | 1041 | 144.5 | 504.93 |
| Khedbrahma | 835.39 | 223502 | 792 | 94.8 | 354.36 |
| **Sabarkantha** | **7390** | **2082531** | **8156** | **110.4** | **391.64** |

વિજયનગર અને ખેડબ્રહ્મા જેવા આદિવાસી તાલુકાઓમાં રસ્તાઓ ની લંબાઈ જિલ્લા ની

સરેરાશ કરતાં અત્યંત નીચી જોવા મળે છે સાબરકાંઠા જિલ્લામાં પ્રત્યેક 100 કિલોમીટર એરિયા માં ૧૧૦ કિલોમીટર જેટલા પાકા રસ્તા છે જ્યારે આ પ્રમાણ વિજયનગરમાં 81 ટકા અને ખેડબ્રહ્મામાં ૯૪ ટકા છે ઉપર દર્શાવ્યા અનુસાર સ્વાસ્થ્ય અને પરિવહન પ્રદેશમાં પ્રાથમિકતા ના ધોરણે વિકસાવવું તે સ્થાનિક લોકોની માંગ છે. ટેબલ માં દર્શાવ્યા અનુસાર એક લાખની વસ્તીએ સાબરકાંઠા જિલ્લામાં રસ્તાની લંબાઈ ૩૯૧ કિલોમીટર છે તેની તુલનામાં વિજયનગરમાં રસ્તાની લંબાઈ ૪૧૦ કિલોમીટર છે જોકે આ બધા પાછળનું કારણ વિજયનગરની ઓછી વસ્તી જવાબદાર છે.

**જાતિગત પ્રમાણ જિલ્લા ની સરેરાશ કરતા અને રાજ્યની સરેરાશ 1991 to 2011**

| Talukas | Sex Ratio | | | Child Sex Ratio (in the age group 0-6 years) | | |
|---|---|---|---|---|---|---|
| | 1991 | 2001 | 2011 | 1991 | 2001 | 2011 |
| Vijaynagar | 1056 | 1014 | 999 | 947 | 909 | 905 |
| Bhiloda | 1019 | 986 | 977 | 940 | 892 | 917 |
| Khedbrahma | 957 | 965 | 981 | 1000 | 961 | 947 |
| **Sabarkantha** | **965** | **947** | **952** | **933** | **879** | **903** |
| **Gujarat** | **934** | **920** | **919** | **928** | **883** | **890** |

વિકાસના બદલાતા અભિગમમાં આધુનિક જગત એ સ્વીકાર કરે છે કે જાતિગત પ્રમાણ અત્યંત અગત્યનું છે આદિવાસી સમુદાયમાં આ પરિબળ ખૂબ જ મજબૂત જોવા મળે છે આદિવાસી સમુદાયમાં જાતિગત પ્રમાણ જિલ્લા ની સરેરાશ કરતા અને રાજ્યની સરેરાશ કરતા ખૂબ જ અનુકૂળ જોવા મળે છે જોકે ચિંતાની બાબત એ છે કે 1991 સેન્સસમાં વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં જાતિગત પ્રમાણ જે હતું તે 2011માં તબક્કાવાર પ્રતિકૂળ થતું ગયું છે ૧૯૯૧માં વિજયનગરમાં ૯૪૭ જાતિગત પ્રમાણ હતું તે 2001માં પ્રતિકૂળ થઈને 909 થયું જે વધુ બગડી ને 2011માં 905 થયું છે આ જ પ્રમાણે ખેડબ્રહ્મામાં ઝીરો થી ૬ વર્ષ માટે આ પ્રમાણ 2091 માં 1000 હતો જે 2001માં બગડીને ૯૬૧ થયું જે વધુ પ્રતિકૂળ થતા 2011માં ૯૪૭ થયું છે આદિવાસી વિકાસ માં જાતિગત પ્રમાણ સુધરે તે માટેના પ્રયત્નો વિના વિલંબે પ્રારંભ થાય તે સુનિશ્ચિત કરવું રહ્યું.

| Talukas | Worker Participation Rates among Male and Female | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1991 | | | 2001 | | | 2011 | | |
| | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| Vijaynagar | 43.05 | 39.24 | 41.09 | 43.49 | 38.59 | 41.02 | 48.49 | 36.13 | 42.31 |
| Bhiloda | 47.09 | 40.59 | 43.81 | 47.98 | 35.44 | 41.76 | 53.83 | 39.29 | 46.65 |
| Khedbrahma | 52.13 | 35.11 | 43.8 | 51.12 | 41.06 | 46.18 | 51.16 | 41.83 | 46.54 |
| **Sabarkantha** | **51.11** | **35.82** | **43.9** | **52.28** | **37.63** | **45.16** | **54.77** | **34.06** | **44.67** |
| **Gujarat** | **54.35** | **27.08** | **41.17** | **54.87** | **27.91** | **41.95** | **57.16** | **23.38** | **40.98** |

સાબરકાંઠા જિલ્લામાં શ્રમ જિમ્મેદારી માટે નીચેના ટેબલ ઉપરથી માહિતી આપેલ છે જે દર્શાવે છે કે વિજયનગર અને ખેડબ્રહ્મા જિલ્લામાં ૧૯૯૧થી ૨૦૧૧ સુધી સેન્સસ ડેટા

અનુસાર સ્ત્રીઓમાં અને પુરુષોમાં ક્રમ હિસ્સેદારી સતત વધતી જોવા મળી છે આ બાબતે આદિવાસી તાલુકાઓ જિલ્લા ના ડેટા સાથે તાલ મિલાવી રહ્યા છે એટલે કહેવામાં આવે કે સાબરકાંઠા જિલ્લામાં સ્ત્રી અને પુરુષોની શ્રમ ભાગીદારી જેટલી છે તે ઝડપે ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પણ શ્રમ ભાગીદારી વધતી જોવા મળે છે અહીં મહત્વનું એ છે કે આદિવાસીઓમાં જે રીતે સ્ત્રીની શ્રમ ભાગીદારી વધી રહી છે તે આદિવાસી આર્થિક વિકાસ માટે અત્યંત જરૂરી અને નોંધપાત્ર સાબિત થશે.

જિલ્લામાં ઉદ્યોગીકરણ હરણફાળ ભરી રહ્યું છે પરંતુ આદિવાસી તાલુકાઓ પૈકીના ખેડબ્રહ્મા અને વિજયનગર હજુ ઔદ્યોગિક તેની પ્રાથમિક અવસ્થામાં છે હવે મુખ્યત્વે કુદરતી સંસાધનો ભરપૂર હોવાથી પર્યાવરણ કાઉન્સિલ દ્વારા મંજૂરી ના પ્રશ્નો નિર્ણાયક તેમ છતાં ખનીજ અને વન્ય સંપદા ને લગતા ઉદ્યોગીકરણ ધીમી પણ મક્કમ ગતિએ પ્રગતિ થઈ રહી છે. આદિવાસી વિકાસને જ્યાં સુધી લાગે વળગે છે ક્યાં સુધી સ્થાનિક કક્ષાએ વિકાસ પામતા આ પ્રકારના ઉદ્યોગો રાજ નિર્ણાયક રહેશે કારણકે આ પ્રકારના ઉદ્યોગો થકી પ્રદેશમાં રોજગારીનું સર્જન થશે અને તેનાથી પ્રદેશમાં અર્થતંત્રને વેગ મળશે. અહીં ઉલ્લેખનીય છે કે સ્થાનિક પ્રદેશોમાં ઉદ્યોગોના આ પ્રકારના વિકાસમાં અર્થતંત્ર ના વિકાસ સાથે પર્યાવરણ ભોગ લેવાવો ના જોઈએ.

જિલ્લામાં ૧૦૨૮ નાના કદના નોંધાયેલા ઔદ્યોગિક એકમ છે જેમાં કુલ રોકાણ 25 333 લાખ રૂપિયાનું રોકાણ થયું છે( 2017 ના આંકડા પ્રમાણે) આ ઉદ્યોગ એકમોમાં કુલ 9685 જેટલા લોકોને રોજગારી મળી રહી છે. અહીં ઉલ્લેખનીય છે કે આ નાના ઉદ્યોગ એકમોમાં મોટાભાગના હિંમતનગર ધનસુરા અને ઈડર તથા માલપુર જેવા ચરણોમાં સ્થાપિત થયેલા છે એટલે કે અહીં આદિવાસી તાલુકા પૈકીના વિજયનગર અને ખેડબ્રહ્મા નાના એકમ ઔદ્યોગિક ગૃહ અત્યંત નગણ્ય છે. અગાઉ દર્શાવ્યા પ્રમાણે અહીં એન.NGT ના મંજૂરી અંગે પ્રશ્નો ઉપસ્થિત થતા હોય અહી ઔદ્યોગિક એકમો ની સંખ્યા અત્યંત મર્યાદિત રહે છે

પર્યાવરણ ના જતન સાથે જો આદિવાસી વિસ્તારોના વિકાસનો એક મજબૂત વિકલ્પ પ્રદેશની ખેતીના વિકાસમાં રહેલો છે. નીચે આપેલા ડેટા સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકાના જમીનનો ઉપયોગ અંગેના છે જેનો અભ્યાસ કરતાં જણાય છે કે જિલ્લાના ૧૭.3 ટકા જમીન ઉપર જંગલ આવેલા છે. જિલ્લાની ૬૫.૮ ટકા જમીન પાક ખેડાણ હેઠળ ઉપયોગમાં આવી રહી છે. નોંધપાત્ર બાબત એ છે કે લીમખેડા અને બંજર જમીન તરીકે જિલ્લાની માત્ર ૧૦.૯ ટકા જમીન આવેલ છે જે અન્ય જિલ્લા કરતા ઘણું ઓછું છે.

સાબરકાંઠા જિલ્લો એ રાજ્યના વિશેષ ગ્રામીણ વસ્તી ધરાવતા જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો છે. સાબરકાંઠા જિલ્લામાં ૯૦ ટકા જેટલી વસ્તી ગ્રામીણ પ્રદેશોમાં વસવાટ કરી રહી છે(Census 2011). સાબરકાંઠા જિલ્લો તે મુખ્યત્વે કૃષિ આધારિત અર્થતંત્ર ધરાવે છે અહીંની જમીનમાં મુખ્યત્વે પટેલ કોળી અને રાજપૂત સમાજ દ્વારા ખેતી થઈ રહી છે ખેતી

ખેતીમાં આદિવાસી નો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી તાલુકાઓના ખેતીના વિકાસ દ્વારા આ પ્રદેશની રોજગારીમાં નોંધપાત્ર વધારો  શક્ય છે બીજા શબ્દોમાં કહીએ તો ખેતી ક્ષેત્રે વિકાસ કરીને આદિવાસીઓમાં રોજગારી અને આવક  વૃદ્ધિ કરવાની સવિશેષ અવકાશ છે

## 3.3 સાબરકાંઠાના આદિવાસી તાલુકાઓમાં સિક્ષણ

| Taluka | Effective Literacy Rate | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1991 | | | 2001 | | | 2011 | | |
| | Person | Male | Female | Person | Male | Female | Person | Male | Female |
| Vijaynagar | 57.61 | 76.67 | 40 | 67.23 | 83 | 52.03 | 77.40 | 90.79 | 64.19 |
| Bhiloda | 59.77 | 77.37 | 42.77 | 69.65 | 84.35 | 55.01 | 79.53 | 90.65 | 68.27 |
| Khedbrahma | 37.52 | 49.32 | 25.06 | 42.33 | 53.8 | 30.46 | 57.01 | 67.27 | 46.64 |
| **Sabarkantha** | **59.03** | **74.53** | **43.08** | **66.65** | **80.42** | **52.3** | **76.60** | **87.45** | **65.29** |
| **Gujarat** | **51.15** | **60.98** | **40.62** | **69.1** | **79.7** | **57.8** | **79.31** | **87.23** | **70.73** |

સાબરકાંઠા જિલ્લામાં અસરકારક સાક્ષરતા દર નીચે મુજબ જોવા મળ્યો છે અહીંના આદિવાસી તાલુકા એવા વિજયનગરમાં કુલ 57 ટકા જેટલો અસરકારક સાક્ષરતા દર હતો તે 2001માં વધીને 67 ટકા નોંધાયો હતો. આ પ્રમાણે 2011માં  વધીને 77 ટકા જેટલો નોંધાયો હતો. આમ 1991 થી 2011 સુધી અસરકારક સાક્ષરતા દર સાબરકાંઠા જિલ્લામાં સતત વધતો જોવા મળે છે. કુલ અસરકારક સાક્ષરતા દર જે વૃદ્ધિ દર્શાવે છે તેમાં સ્ત્રીઓમાં અસરકારક સાક્ષરતા દર જે 1991  માં 40% હતો તે 2021 માં 52 ટકા થયો અને 2011 માં 64 ટકા જેટલો નોંધાયો હતો આમ સ્ત્રીઓમાં કુલ અસરકારક સાક્ષરતા દર 1991 થી 2011 સુધીમાં સતત વધતો જોવા મળ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે આદિવાસી તાલુકાઓમાં જે સ્ત્રીમાં સાક્ષરતા દર વૃદ્ધિ જણાય છે તે જિલ્લાની સરેરાશ કરતા અને રાજ્ય રાજ્યની તુલનામાં ભિન્ન જોવા મળે છે મુખ્યત્વે વાત કરીએ તો જિલ્લામાં જે ગતિએ સ્ત્રીઓમાં અસરકારક સાક્ષરતા દર વૃદ્ધિ થઈ છે તેની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં સાક્ષરતા દર સ્ત્રીઓમાં ધીમી ગતિએ વધવા પામ્યો છે. જોકે 2001 અને 2011 ની વચ્ચે જે સ્ત્રીઓમાં અસરકારક સાક્ષરતા વૃદ્ધિદર નોંધાયો છે તે જિલ્લાની સરેરાશ કરતાં વધારે નોંધાયો છે પરંતુ રાજ્યની સરેરાશ કરતા જિલ્લામાં પણ અસરકારક સાક્ષરતા વૃદ્ધિ સ્ત્રીઓમાં આ સમય દરમિયાન ધીમી ગતિએ રહી હતી. આદિવાસી તાલુકાઓમાં જે અસરકારક સાક્ષરતા વૃદ્ધિમાં ૧૯૯૧ થી 2001 દરમિયાન ફેરફાર થયા છે તે સમગ્ર રીતે જોઈએ તો રાજ્યની વૃદ્ધિ કરતા જિલ્લામાં વૃદ્ધિ કઈ કઈ કણસે ધીમી રહી છે જ્યારે આદિવાસી તાલુકાઓમાં આ વૃદ્ધિ પ્રથમ દસ્તામાં એટલે કે 1991 થી 2001 દરમિયાન જિલ્લા સરેરાશ કરતા ધીમી રહી પરંતુ

ત્યારબાદના દસકામાં એટલે કે 2001 થી 2011 દરમિયાન જિલ્લાની સરેરાશ કરતાં આદિવાસી તાલુકાઓમાં અસરકારક સાક્ષરતા વૃદ્ધિદર ઝડપી રહ્યો છે જોકે સમગ્ર જિલ્લામાં રાજ્યની સરેરાશ કરતા અસરકારક સાક્ષરતા વૃદ્ધિ ઠીક ઠીક પ્રમાણમાં ધીમી રહી છે. આદિવાસી વિકાસમાં શિક્ષણ તે પાયાની જરૂરિયાત હોય અને તેમાં પણ સ્ત્રીઓમાં શિક્ષણ તે અત્યંત મહત્વનું હોય જ્યાં સુધી આદિવાસી  વસ્તીમાં ઝડપથી સાક્ષરતા વૃદ્ધિ નહીં થાય ત્યાં સુધી આદિવાસી વિકાસ અને આદિવાસી આર્થિક વિકાસ મર્યાદિત રહેશે આમ આદિવાસી વિકાસને જો બળ આપવું હોય તો આદિવાસીઓમાં સાક્ષરતા અનુક્રમણ ઝડપથી વધારવું પડશે.

| Taluka | Total No Of Villages | Total Population (2011) | No. of Villages having School | Total No. of Schools | Existence of Class Room | Deficit of Class Rooms | % of Villages having Primary School |
|---|---|---|---|---|---|---|---|
| Vijaynagar | 85 | 103895 | 81 | 143 | 644 | 21 | 95 |
| Bhiloda | 166 | 239216 | 165 | 291 | 1249 | 71 | 99 |
| Khedbrahma | 133 | 293143 | 129 | 318 | 1574 | 83 | 97 |
| **Sabarkantha** | **1374** | **2428589** | **1352** | **2894** | **13412** | **746** | **98** |

સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકા એવા વિજયનગર ભિલોડા અને ખેડબ્રહ્મામાં કુલ કેટલા ગામો આવેલા છે અને આ ગામોમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે કેટલી વસ્તી રહે છે તે નીચેના ટેબલ ઉપર દર્શાવવામાં આવેલું છે. તાલુકાઓમાં જે સ્કૂલ ની સંખ્યા આવેલી છે તે પણ ટેબલમાં દર્શાવેલું છે આ દરેક સ્કૂલોમાં મળીને કુલ કેટલા ક્લાસરૂમ આવેલા છે તથા કેટલાક ક્લાસરૂમની ઘટ પડે છે તે અહીં ટેબલમાં દર્શાવેલું છે. ઉપરોક્ત ટેબલની માહિતી જોતા જણાય છે કે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં જ્યાં 98% ગામડાઓ પ્રાઇમરિ સ્કૂલ આવેલી છે. અને 2% ગામડાઓમાં પ્રાથમિક શાળા આવેલી નથી છે ત્યાં વિજયનગર જેવો આદિવાસી તાલુકો 95% ગામડાઓ માં પ્રાથમિક શાળા આવેલી છે જ્યારે પાંચ ટકા ગામડા  એવા છે કે જ્યાં ગાડી પ્રાથમિક સ્કૂલો આવેલી નથી આ જ માહિતી જો ભિલોડા તાલુકા માટે લેવામાં આવે તો ભિલોડામાં 99% ગામમાં પ્રાથમિક શાળા આવેલી છે અને એક ટકા ગામમાં પ્રાથમિક શાળા આવેલી નથી. કહી શકાય કે જિલ્લાની સરેરાશ કરતા ભિલોડામાં પરિસ્થિતિ સારી છે પરંતુ વિજયનગર તાલુકામાં જિલ્લાની સરેરાશ કરતાં પરિસ્થિતિ પ્રાથમિક શાળાની બાબતમાં ઉતરતી કક્ષાની છે. ખેડબ્રહ્મા તાલુકા માટે આ જ બાબત એટલે કે 97% ગામ એવા છે કે જેમાં પ્રાથમિક શાળાઓ આવેલી છે અને ત્રણ ટકા ગામ એવા છે કે જેમાં પ્રાથમિક શાળા આવેલી નથી આમ ખેડબ્રહ્મા તાલુકો તે પણ લગભગ જિલ્લાની સરેરાશ પરિસ્થિતિની નજીકમાં છે. પ્રત્યેક ગામમાં જો પ્રાથમિક શાળા હશે તો જ

ગામના પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવામાં સહાય થશે એટલે જો આદિવાસી આર્થિક વિકાસ તેના મૂળથી પ્રારંભ કરવાનો થાય તો પ્રત્યેક સ્કૂલમાં પ્રાથમિક શાળા તે તેની પાયાની  શરત હશે.

| **Taluka** | **Total No. of Villages 2011** | **Secondary Schools** | | **Higher Secondary Schools** | |
|---|---|---|---|---|---|
| | | **No. of Villages Having Secondary Schools-2010** | **%of Villages Having Secondary Schools** | **No of villages with Higher Secondary Schools-2010** | **%of Villages Having Higher Secondary Schools** |
| Vijaynagar | 85 | 22 | 26 | 11 | 13 |
| Bhiloda | 166 | 24 | 14 | 12 | 7 |
| Khedbrahma | 133 | 37 | 28 | 33 | 25 |

જે પરિસ્થિતિ પ્રાથમિક સ્કૂલોની બાબતમાં આપણે જોઈ તે જ પરિસ્થિતિ ઠીક ઠીક પ્રમાણમાં માધ્યમિક શાળાઓમાં પણ પ્રવર્તમાન છે એટલે કે સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકાઓમાં જિલ્લાની સરેરાશ કરતા માધ્યમિક શાળાઓની સ્થિતિ કક્ષાની છે વિજયનગર તાલુકામાં 13 ટકા ગામોમાં માધ્યમિક શાળા આવેલી છે ભિલોડા તાલુકામાં સાત ટકા ગામોમાં માધ્યમિક શાળા આવેલી છે અને ખેડબ્રહ્મા તાલુકામાં 25%  ગામોમાંઓમાં માધ્યમિક શાળા અસ્તિત્વ ધરાવે છે બાકીના ગામો માધ્યમિક શાળાની સુવિધાથી વંચિત છે. જોકે અંતરિયાળ પ્રદેશમાં છૂટી છવાઈ વસ્તી ધરાવતા ગામોમાં પ્રત્યેક ગામમાં માધ્યમિક શાળા અસ્તિત્વ ધરાવે તેવો ચુસ્ત આગ્રહ ન પણ રાખી શકાય કારણ કે અહીં માધ્યમિક શિક્ષણ માટેની જે માંગ છે તેને ધ્યાનમાં રાખીને માધ્યમિક શાળાઓનું નિર્માણ આવશ્યક થાય. તેમ છતાં જેમ ખેડબ્રહ્મા તાલુકામાં લગભગ ચોથા ગામમાં માધ્યમિક શાળા છે તેવી જ પરિસ્થિતિ અન્ય આદિવાસી તાલુકામાં નિર્માણ થાય અને માધ્યમિક સ્કૂલમાં જતા વિદ્યાર્થીઓને તેના ઘરથી નજીકમાં નજીક અંતરે માધ્યમિક શિક્ષણ મળી રહે તેઓ એક આદર્શ અવશ્ય રાખી શકાય. માધ્યમિક શિક્ષણ થકી ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ થતી ઉચ્ચ કાર્યક્ષમતા અને કૌશલ્ય પ્રાપ્તિ દ્વારા જ આદિવાસી આર્થિક વિકાસ પ્રદેશમાં આર્થિક  પ્રગતિના દ્વાર ખુલશે તેવું કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ નથી.

| Year | Uttar Buniyadi Ashram Schools | | | |
|---|---|---|---|---|
| | **No. of Schools** | **Total Students** | **Boys** | **Girls** |
| 2001-02 | 11 | 1160 | 580 | 580 |
| 2002-03 | 12 | 1240 | 620 | 620 |
| 2003-04 | 12 | 1240 | 640 | 640 |
| 2004-05 | 12 | 1320 | 660 | 660 |
| 2005-06 | 12 | 1360 | 680 | 680 |
| 2006-07 | 12 | 1400 | 700 | 700 |
| 2007-08 | 13 | 1480 | 740 | 740 |
| 2008-09 | 13 | 1560 | 780 | 780 |
| 2009-10 | 13 | 1640 | 820 | 820 |
| 2010-11 | 13 | 1640 | 820 | 820 |
| **Decadal Growth** | | **41.4** | **41.4** | **41.4** |

આદિવાસી બાળકોમાં શિક્ષણના વ્યાપમાં વધારો કરવામાં મહત્વની ભૂમિકા આશ્રમશાળાઓની રહેલી છે સાબરકાંઠા જિલ્લો અને તેમાં પણ વિવિધ તાલુકાઓમાં ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ અને આશ્રમશાળાઓમાં શિક્ષણની પરિસ્થિતિ છે તેની હીતી ટેબલમાં દર્શાવેલી છે ટેબલમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં કેટલા પ્રમાણમાં કુલ વિદ્યાર્થીઓ હતા અને તે કુલ વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓનું પ્રમાણ શું હતું તે દર્શાવેલું છે અહીં જોઈ શકાય છે કે 2001માં કુલ 11 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ હતી આ આશ્રમશાળાઓ 2002માં વધીને બહાર થઈ હતી અને 2007માં તે કુલ 13 થઈ હતી 2011માં પણ આ પરિસ્થિતિ તેની તે જ છે. જો કે અહીં નોંધપાત્ર બાબતે છે કે આશ્રમશાળાઓ અને મૂળ પ્રવાહનું શિક્ષણ આપતી અન્ય નિવાસી શાળાઓ બંને વચ્ચે ભેદ છે અને અન્ય નિવાસી શાળાઓ જેમાં એકલવ્ય શાળા અને અન્ય છોકરીઓ માટેની નિવાસી શાળાઓ વગેરેની સંખ્યાઓ આ સમયગાળા દરમિયાન જિલ્લામાં વધેલી હોઈ શકે. આશ્રમશાળા મોડેલ આદિવાસી શિક્ષણને વધારે અનુકૂળ ભૂતકાળમાં આવેલું છે. પરંતુ આ જ આશ્રમશાળાઓને વધારે આધુનિક સ્વરૂપની એકલવ્ય મોડેલ સ્કૂલમાં પરિવર્તિત કરીને આદિવાસી તાલુકામાં જો વધારે પ્રમાણમાં વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણ પૂરૂં પાડવામાં આવશે તો તેના દ્વારા આદિવાસી તાલુકાઓમાં બાળકોમાં પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ પ્રત્યે એક રુચિ પણ પ્રસ્થાપિત થશે અને તેની સાથે સાથે તેમના શિક્ષણના સ્તરમાં પણ ગુણવત્તા સભર સુધારાઓ હાથમ કરી શકાશે.

Teacher-Student Ratio, ટીચર- સ્ટુડન્ટ રેશ્યો 2010

| Taluka | Primary | Secondary | High school |
|---|---|---|---|
| Vijaynagar | 26.77 | 15.71 | 28.29 |
| Bhiloda | 27.04 | 25.92 | 22.70 |
| Meghraj | 25.88 | 21.31 | 45.10 |
| Khedbrahma | 31.42 | 36.68 | 26.24 |
| Vadali | 25.87 | 62.18 | 27.63 |
| Dhansura | 23.95 | 41.95 | 30.56 |
| Bayad | 24.56 | 56.47 | 29.21 |
| Malpur | 23.21 | 41.98 | 32.84 |
| Talod | 25.20 | 32.78 | 48.51 |
| Idar | 27.16 | 51.85 | 33.43 |
| Prantij | 28.51 | 31.30 | 26.73 |
| Himatnagar | 28.34 | 47.43 | 37.40 |
| Modasa | 26.58 | 47.97 | 54.59 |
| **Sabarkantha** | **26.93** | **39.82** | **34.37** |

ટીચર- સ્ટુડન્ટ રેશ્યો, એટલે કે પ્રત્યેક શિક્ષક દીઠ કેટલા વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે તેનું પ્રમાણ ઉપરોક્ત ટેબલમાં જોઈ શકાય છે કે સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં અને જિલ્લાઓમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં સ્ટુડન્ટ ટીચર રેશિયો શું પરિસ્થિતિ ધરાવે છે? અહીં જિલ્લાની સરેરાશ સાથે વિવિધ તાલુકાઓની સરેરાશને આપણે તુલના કરી શકીએ છીએ વિવિધ તાલુકાઓ અને તેમાં પણ આદિવાસી તાલુકાઓમાં સ્ટુડન્ટ ટીચર રેશિયો શું પરિસ્થિતિ ધરાવે છે તે આપણે અભ્યાસ કરી શકીએ છીએ જોવા મળે છે કે પ્રાથમિક શાળામાં જિલ્લામાં લગભગ 27 ની આસપાસ આ પ્રમાણ જોવા મળે છે જે માધ્યમિક શાળાઓમાં લગભગ 40 ની આસપાસ છે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લગભગ 34 ની આસપાસ છે. આ પરિસ્થિતિ આદિવાસી તાલુકાઓ સાથે તુલના કરવામાં આવે તો લગભગ નજીકની જોવા મળશે જોકે આદિવાસી તાલુકાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં રેશ્યો મોટાભાગના કિસ્સાઓમાં વધારે સારો જોવા મળ્યો છે એટલે કે સરકાર અહીં આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓના શિક્ષણને લઈને વધુ ચિંતિત હોય તેવું જણાય છે. જોકે ઘણા સંજોગોમાં તે જિલ્લાની સરેરાશ કરતા ઓછો પણ જોવા મળે છે તે બાબતે પણ ધ્યાન દોરવું તેટલું જ યોગ્ય જણાશે.

Physical Amenities at primary Schools, as of December, 2014

| Taluka | Electricity (%) | Computer Lab (%) | Compound wall (%) | Play Ground (%) | Drinking Water (%) | Separate Girls Toilet (%) |
|---|---|---|---|---|---|---|
| Bayad | 84.78 | 54.67 | 84.78 | 79.93 | 100.00 | - |
| Bhiloda | 86.73 | 51.36 | 86.73 | 84.01 | 100.00 | - |
| Dhansura | 90.51 | 62.03 | 90.51 | 86.08 | 100.00 | - |
| Himmatnagar | 92.81 | 54.58 | 92.81 | 83.99 | 100.00 | - |
| Idar | 94.81 | 48.44 | 94.81 | 93.08 | 100.00 | - |
| Khedbrahma | 70.38 | 51.27 | 70.70 | 62.10 | 100.00 | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Malpur | 85.63 | 41.25 | 85.63 | 86.88 | 100.00 | - |
| Meghraj | 62.64 | 34.43 | 62.64 | 85.71 | 100.00 | - |
| Modasa | 90.98 | 64.31 | 90.98 | 78.82 | 100.00 | - |
| Prantij | 94.63 | 57.72 | 94.63 | 79.19 | 100.00 | - |
| Talod | 96.65 | 66.48 | 96.65 | 75.42 | 100.00 | - |
| Vadali | 95.90 | 43.44 | 95.90 | 90.98 | 100.00 | - |
| Vijaynagar | 82.88 | 53.42 | 82.88 | 90.41 | 100.00 | - |
| **Total** | **85.69** | **52.32** | **85.72** | **81.97** | **100.00** | **99.86** |

પ્રાથમિક શાળા હોવી તે પ્રાથમિક શિક્ષણની ખાતરી આપતું નથી. પ્રાથમિક શાળામાં રહેલી સુવિધાઓ શિક્ષણની સેવાની ગુણવત્તાને પ્રત્યક્ષ રીતે પ્રભાવિત કરે છે ટેબલમાં દર્શાવેલી માહિતી તે જિલ્લાની અને જિલ્લાના વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળામાં આવેલી ફેસીલીટીસ સંદર્ભની છે આ જોતા જણાય છે કે 2014માં પણ જિલ્લાની બધી શાળાઓમાં વીજળી જોડાણ પૂરી પાડવી શકાયું નથી. લગભગ અડધી સ્કૂલોમાં હજુ પણ કોમ્પ્યુટર પહોંચાડી શકાયા નથી કમ્પાઉન્ડ થી વંચિત સ્કૂલો૧૦ થી ૧૫ ટકાની આસપાસ છે પ્લેગ્રાઉન્ડ ૨૦ ટકાની આસપાસ છે. ટેબલ જણાવે છે કે તમામ સ્કૂલોમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે પરંતુ પીવાના પાણીની ગુણવત્તા એ પણ મહત્વનો પ્રશ્ન બની રહે છે નિયમિત રીતે પીવાના પાણીની ગુણવત્તા પ્રત્યેક પ્રાથમિક શાળાઓમાં પરીક્ષણ થાય અને ગુણવત્તા સભર પાણી પ્રત્યેક પ્રાથમિક શાળામાં પૂરું પાડવામાં આવે તેવો આદર્શ અસ્થાને નથી.

## 3.4 સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં સ્વાસ્થ્ય નિર્દેશકો:

સ્વાસ્થ્ય એ વ્યક્તિના જીવનનું હાર્દ છે સાબરકાંઠા તાલુકાના વિવિધ તાલુકાઓમાં સ્વાસ્થ્યના નિર્દેશકો પૈકી મૂળભૂત નિર્દેશકો નો અભ્યાસ કરવાથી આપણનેજિલ્લાનું અને જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સ્વાસ્થ્યનું સ્તર કેવી પરિસ્થિતિ ધરાવે છે તેનો અંદાજ આવે છે. ટેબલની માહિતી જોતા જણાય છે કે કુલ કેટલા બાળકો નું વજન કરવામાં આવ્યું હતું અને તેમાંથી કેટલા બાળકો કુપોષિત જોવા મળ્યા હતા ટેબલ ની માહિતી જોતા જણાય છે કે સાબરકાંઠાના આદિવાસી તાલુકાઓમાં જિલ્લાની સરેરાશ કરતા કુપોષિત બાળકોનું પ્રમાણ ઊંચું જોવા મળે છે જિલ્લામાં જ્યાં 31% બાળકો કુપોષિત છે ત્યાં આદિવાસી તાલુકા પૈકીના વિજયનગરમાં 40% બાળકો ભિલોડામાં 34% બાળકો અને મેઘરજમાં 34% જેટલા બાળકો છે જ્યારે ખેડબ્રહ્મામાં તે 30% દર્શાવવામાં આવે છે એટલે કે આદિવાસી બાળકોમાં કુપોષણનું પ્રમાણ સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાની સરેરાશ કરતા વધુ જોવા મળે છે. ટેબલમાં દર્શાવ્યા પ્રમાણે જિલ્લામાં લગભગ એક ટકા ની આસપાસ બાળકોનો આ સર્વે કરવામાં આવ્યો હતો જ્યારે આદિવાસી તાલુકાઓમાં એક થી બે ટકા બાળકોમાં આ સર્વે કરવામાં આવ્યો હતો. કુપોષણ બાળકોમાં તે આદિવાસી સમાજનો પાયાનો પ્રશ્ન છે અને તેને જો યોગ્ય પ્રમાણમાં ઉકેલ નહીં લાવવામાં આવે તો આવનારી પેઢી શિક્ષણ અને

કૌશલ્ય મેળવવામાં ક્યાં ક્યાં ઉણી ઉતરતી જોવા મળશે. આમ સાબરકાંઠા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ ના સમૂહ આ પ્રશ્ન ત્વરિત ઉકેલાય તે મૂળભૂત જરૂરિયાત છે.

**ઓછું વજન ધરાવતા/ કુપોષિત બાળકો (Malnourishment of Children)**

| Taluka | Total Children Weighed | of Malnourished Children | % of Severely Malnourished Children |
|---|---|---|---|
| Vijaynagar | 10524 | 40.41 | 0.96 |
| Bhiloda | 20477 | 33.62 | 2.36 |
| Meghraj | 14422 | 33.82 | 2.05 |
| Khedbrahma | 28767 | 30.54 | 0.62 |
| Vadali | 6715 | 39.26 | 1.67 |
| Dhansura | 7158 | 27.06 | 1.27 |
| Bayad | 14725 | 34.46 | 1.96 |
| Malpur | 7731 | 30.36 | 1.63 |
| Talod | 11212 | 25.3 | 1.14 |
| Idar | 18936 | 21.50 | 0.93 |
| Prantij | 11543 | 18.94 | 1.2 |
| Himatnagar | 18438 | 29.34 | 1.10 |
| Modasa | 14734 | 43.43 | 1.63 |
| **Sabarkantha** | **185382** | **31.12** | **1.38** |

સ્વાસ્થ્યના સ્તરની માપણી માટેનું બીજું એક અગત્યનું નિર્દેશક તે સ્વાસ્થ્ય માટે જિલ્લામાં સ્વાસ્થ્યનું આંતરમાળખું શું પરિસ્થિતિ ધરાવે છે તે જાણવા અંગેનું છે. ટેબલમાં જિલ્લા અને સાબરકાંઠા ના વિવિધ તાલુકાઓમાં સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ની પરિસ્થિતિ શું છે તે અંગેની માહિતી આપેલી છે અહીંયા જોઈ શકાય છે કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામુદાયિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય તમામ પ્રકારના સ્વાસ્થ્ય ઇન્ટ્રાસ્ટ્રક્ચરના વિવિધ એકમો આદિવાસી તાલુકાઓમાં જિલ્લાની સરેરાશ કરતા પ્રમાણમાં નજીકની પરિસ્થિતિ અનુભવે છે. એટલે કહી શકાય કે વર્ષ 2013 માં સાબરકાંઠા જિલ્લાના વિવિધતાલુકાઓમાં સરકાર સભાન પણે સ્વાસ્થ્ય પૂરું પાડવા માટે પ્રયત્ન કરી રહી છે. આદિવાસીઓનું સ્વાસ્થ્ય તુલનાત્મક રીતે બિન આદિવાસી કરતા નીચું જોવા મળે છે. આ સંજોગોમાં આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે આદિવાસી તાલુકાઓમાં વિશેષ સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવામાં આવે તો આદિવાસી સ્વાસ્થ્યમાં સુધારો લાવીને આદિવાસી આર્થિક વિકાસ તરફ પ્રગરણ માંડી શકાય

સાબરકાંઠા જીલ્લામાં સ્વાસ્થ્ય સુવિધાઓ ૨૦૧૫

| | | | | | | | | *In Nos.* |
|---|---|---|---|---|---|---|---|---|
| | **SCs** | **PHCs** | **CHCs** | **DH** | **AH** | **AD** | **HD** | **AC** |
| Sabarkantha | **413** | **68** | **21** | **1** | **1** | **43** | **11** | **3344** |
| Khedbrahma | 50 | 8 | 2 | 0 | 0 | 2 | 1 | 368 |
| Vijaynagar | 25 | 4 | 1 | 0 | 0 | 2 | 0 | 238 |
| Vadali | 14 | 2 | 2 | 0 | 0 | 2 | 0 | 145 |
| Idar | 45 | 8 | 2 | 0 | 0 | 7 | 2 | 379 |
| Bhiloda | 57 | 9 | 2 | 0 | 0 | 5 | 0 | 452 |
| Megharaj | 37 | 6 | 1 | 0 | 0 | 4 | 0 | 244 |
| Himatnagar | 37 | 6 | 2 | 1 | 1 | 9 | 3 | 340 |
| Prantij | 28 | 4 | 2 | 0 | 0 | 3 | 1 | 217 |
| Talod | 26 | 4 | 1 | 0 | 0 | 0 | 0 | 190 |
| Modasa | 27 | 7 | 1 | 0 | 0 | 3 | 0 | 240 |
| Dhansura | 17 | 3 | 1 | 0 | 0 | 2 | 1 | 122 |
| Malpur | 15 | 2 | 1 | 0 | 0 | 2 | 2 | 149 |
| Bayad | 35 | 5 | 3 | 0 | 0 | 2 | 1 | 260 |

*Source: Compiled from the data of CDHO, Commissionerate of Health, Medical Services, Medical Education and Research, Gandhinagar*

સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા માટે જે સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે તે ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્ર માટે બહુ મોટો પડકાર છે. સ્વાભાવિક છે કે સંસાધનોની અછતના પરિણામે ધારા ધોરણ પ્રમાણેનું સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું ભારત જેવા દેશ માટે ઘણું જ કપરૂ  કામ છે.  નીચેના ટેબલમાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે ધારા ધોરણ પ્રમાણેના સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં હજુ ક્યાં ઘટ પડે છે તેનો અભ્યાસ અનિવાર્ય બને છે અહીં જોઈ શકાય છે કે સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જેટલી જિલ્લામાં ઘટ પડે છે તેના કરતાં સવિશેષ ઘટ નોંધાય છે. પ્રદેશની ભૂગોળ અને છૂટી છવાઈ વસ્તીને પરિણામે સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરૂં પાડવું અત્યંત પડકાર જનક કામ છે. આદિવાસી સ્વાસ્થ્યમાં જો સુધારા લાવવા હોય તો આદિવાસી ક્ષેત્રોમાં જે આદિવાસી સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડી રહી છે તે પાયાની સુવિધાઓ ધારા ધોરણ પ્રમાણેની કરવી અનિવાર્ય થઈ પડશે.

મૂળભૂત સ્વાસ્થ્ય સભાળ સુવિધાઓમાં ઉણપ 2013

| Taluka | Population per PHC | PHCs required | Shortfall of PHCs | SCs Required | Shortfall in SCs | Midwife Required | Shortfall of Midwife | FHW Sanction Post | FHW Shortfall |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Vijaynagar | 103583 | 5 | 1 | 35 | 10 | 35 | 10 | 25 | 1 |
| Bhiloda | 255217 | 13 | 3 | 85 | 28 | 85 | 28 | 57 | 3 |
| Meghraj | 158681 | 8 | 2 | 53 | 16 | 53 | 16 | 37 | 6 |
| Khedbrahma | 251211 | 13 | 5 | 84 | 34 | 84 | 34 | 50 | 4 |
| Vadali | 87504 | 3 | 1 | 18 | 4 | 18 | 4 | 14 | 0 |
| Dhansura | 103195 | 3 | 1 | 21 | 3 | 21 | 3 | 18 | 3 |
| Bayad | 212901 | 7 | 2 | 43 | 10 | 43 | 10 | 33 | 8 |
| Malpur | 93596 | 3 | 1 | 19 | 4 | 19 | 4 | 15 | 2 |
| Talod | 158459 | 5 | 1 | 32 | 6 | 32 | 6 | 26 | 7 |
| Idar | 260363 | 9 | 1 | 52 | 7 | 52 | 7 | 45 | 1 |
| Prantij | 162006 | 5 | 2 | 32 | 4 | 32 | 4 | 28 | 3 |
| Himatnagar | 286689 | 10 | 4 | 57 | 20 | 57 | 20 | 37 | 1 |
| Modasa | 206033 | 7 | 0 | 41 | 13 | 41 | 13 | 28 | 2 |
| **Sabarkantha** | **2339438** | **91** | **24** | **570** | **157** | **570** | **157** | **413** | **41** |

સંસ્થાગત પ્રસુતિ પ્રમાણ તે સ્વાસ્થ્યનું ખૂબ જ મોટું અને નિર્ણાયક નિર્દેશક સાબિત થઈ રહ્યું છે કારણ કે બિન સંસાધન પ્રસુતિ તે બાળક અને માતા બંનેના માટે બહુ મોટું જોખમ લાવે છે. સાબરકાંઠા જિલ્લામાં આ અંગે પરિસ્થિતિ શું છે તે નીચેના ટેબલ ઉપર દર્શાવવામાં આવેલો છે. અહીં જોઈ શકાય છે કે 2010-11 ના વર્ષમાંજિલ્લાની સરેરાશ લગભગ 91% સંસાધક પ્રસુતિ હતી તેની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં ખેડબ્રહ્મામાં 80 વિજયનગરમાં 94 ભિલોડામાં 98 સંસ્થાગત પ્રસિદ્ધિ નોંધાય હતી જે તુલનાત્મક રીતે સારી બાબત ગણાવી શકાય આ પરિસ્થિતિ વર્ષ 2014માં સુધારો પામીને અનુક્રમે ૮૪ અને ૯૩ ટકા જેટલી નોંધાઈ હતી. જે દર્શાવે છે કે પ્રદેશમાં સ્વાસ્થ્ય પ્રત્યે હવે વધુને વધુ સભાનતા આવી રહી છે. આ જ પ્રકારની સભાનતા જો પ્રદેશમાં નિરંતર જળવાઈ રહેતો આ આદિવાસી પ્રદેશોનો આર્થિક વિકાસ વેગ પકડશે તેમાં કોઈપણ પ્રકારનો બે મત નથી.

તાલુકાવાર સંસ્થાગર્ત પ્રશુતિ પ્રમાણ (%)

| | Taluka | 2010-11 | 2011-12 | 2012-13 | 13-14 |
|---|---|---|---|---|---|
| **1** | Khedbrahma | 80.00 | 83.00 | 80.00 | 84.93 |
| **2** | Vijaynagar | 94.00 | 95.00 | 88.17 | 93.75 |
| **3** | Vadali | 99.78 | 99.42 | 99.78 | 99.29 |
| **4** | Idar | 99.70 | 99.06 | 99.19 | 99.62 |
| **5** | Bhiloda | 98.73 | 98.20 | 98.48 | 99.12 |
| **6** | Megharaj | 82.00 | 85.00 | 82.00 | 97.03 |
| **7** | Himatnagar | 93.28 | 92.09 | 95.33 | 99.92 |
| **8** | Prantij | 99.64 | 98.81 | 99.69 | 99.94 |
| **9** | Talod | 82.12 | 84.13 | 87.74 | 98.77 |
| **10** | Modasa | 96.70 | 98.40 | 99.90 | 99.88 |
| **11** | Dhansura | 97.90 | 98.70 | 100.00 | 99.10 |
| **12** | Malpur | 81.00 | 88.00 | 83.00 | 97.03 |
| **13** | Bayad | 93.00 | 94.00 | 92.00 | 98.32 |
| **District Average** | | **92.14** | **93.37** | **92.71** | **96.76** |
| ***State Avg.** | | **91.84** | **93.66** | **95.04** | **-** |

નીચે આપેલા વિશ્લેષણમાં જોઈ શકાય છે કે સાબરકાંઠા જિલ્લાના વિવિધ માનવ વિકાસ નિર્દેશકોમાં જુદા જુદા તાલુકામાં કઈ કઈ પરિસ્થિતિ પ્રવર્તમાન છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે સાબરકાંઠા જિલ્લાની તુલનામાં આદિવાસી તાલુકાઓ વિજયનગર ખેડબ્રહ્મા ભિલોડા જેમાં જિલ્લાની તુલના કરતા માનવ વિકાસ નિર્દેશકોમાં હજુ ઘણી પ્રગતિ કરવાની બાકી જણાઈ આવે છે. આદિવાસી પ્રદેશોમાં જ્યાં ગરીબીનું પ્રમાણ સવિશેષ હોય છે ત્યાં માનવ વિકાસ માટેના યોગ્ય વાતાવરણ નિર્માણ ના અભાવેઆ પરિસ્થિતિનું સર્જન થતું હોય છે. સરકારે જો આદિવાસી વિકાસની ગતિમાં વધારો કરવો હોય તો તેની પૂર્વ શરત છે કે આદિવાસી વિસ્તારોમાં માનવ વિકાસ માટેના યોગ્ય વાતાવરણ સર્જન કરીને આદિવાસી સમાજમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રસાદ દ્વારા માનવ વિકાસ વૃદ્ધિ હાંસલ કરી આદિવાસી આર્થિક વિકાસ નું લક્ષણ કરી શકાય તેમ છે.

## માનવ વિકાસના મુખ્ય નિર્દેશકોની તાલુકાવાર સ્થિતિ

| Talukas | % APL families (2003) | Irrigation Develop-ment % (2012) | % of Households with tap water (2011) | % of Households with toilets (2011) | % Children immunized by BGG Vaccine (2010-11) | Child sex ratio (2011) | Literacy rate % (2011) | Girl retention rate in schools (2010) |
|---|---|---|---|---|---|---|---|---|
| Vijaynagar | 52.88 | 45.30 | 29.84 | 58.43 | 85.40 | 905 | 77.40 | 96.03 |
| Bhiloda | 52.68 | 63.10 | 53.17 | 48.92 | 88.60 | 917 | 79.53 | 98.47 |
| Meghraj | 60.48 | 45.60 | 37.65 | 28.51 | 86.30 | 924 | 70.05 | 96.24 |
| Khedbrahma | 36.35 | 49.30 | 42.62 | 49.19 | 96.60 | 947 | 57.01 | 90.50 |
| Vadali | 65.39 | 62.50 | 88.41 | 49.46 | 83.11 | 919 | 75.25 | 94.57 |
| Dhansura | 87.03 | 44.00 | 86.29 | 62.86 | 85.90 | 906 | 76.96 | 95.37 |
| Bayad | 65.82 | 45.90 | 88.16 | 63.28 | 90.40 | 895 | 77.84 | 96.73 |
| Malpur | 53.91 | 43.40 | 79.37 | 53.80 | 86.00 | 924 | 70.58 | 97.48 |
| Talod | 68.74 | 72.90 | 83.04 | 48.37 | 81.70 | 877 | 79.02 | 96.71 |
| Idar | 76.98 | 68.40 | 81.92 | 70.06 | 83.20 | 869 | 80.88 | 96.72 |
| Prantij | 80.03 | 69.60 | 88.05 | 60.46 | 92.50 | 880 | 81.97 | 97.77 |
| Himatnagar | 70.69 | 68.00 | 82.82 | 79.04 | 113.20 | 856 | 84.73 | 97.30 |
| Modasa | 81.69 | 43.80 | 85.12 | 63.80 | 86.10 | 895 | 80.09 | 97.42 |
| Sabarkantha | 65.59 | 56.70 | 71.65 | 58.83 | 91.00 | 903 | 76.60 | 96.00 |

Mediumm

Low

High

### 3.5 તાલુકાવાર આર્થિક નિર્દેશકો :

શ્રમ ભાગીદારી અંગેના વસ્તી ગણતરીના અહેવાલો ના આંકડા ટેબલમાં દર્શાવવામાં આવ્યા છે આ માહિતી જોતા જણાય છે કે શ્રમ ભાગીદારી આદિવાસી વિસ્તારોમાં બિન આદિવાસી વિસ્તારોની તુલનામાં ઠીક ઠીક પ્રમાણમાં સામ્યતા ધરાવે છે. શ્રમ ભાગીદારીના જે વલણો જુદા જુદા વસ્તી ગણતરીમાં જોવા મળે છે તે જ પ્રકારના વલણો અહીં સાબરકાંઠા જિલ્લા અને સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લાના

વિવિધ તાલુકાઓની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં શ્રમ ભાગીદારી તરીકે ના આંકડાઓ કોઈ નોંધપાત્ર તફાવત દર્શાવતા નથી.

શ્રમ ભાગીદારી (મુખ્ય અને સીમાંન્ત શ્રમિકોમાં) 1991-2011

| Taluka | 1991 | | | 2001 | | | 2011 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **Rural** | **Urban** | **Total** | **Rural** | **Urban** | **Total** | **Rural** | **Urban** | **Total** |
| Vijaynagar | 41.1 | -- | 41.1 | 41.02 | -- | 41.02 | 43.0 | 32.0 | 42.3 |
| Bhiloda | 43.8 | -- | 43.8 | 41.76 | -- | 41.76 | 47.5 | 34.3 | 46.6 |
| Meghraj | 48.6 | 25.2 | 46.9 | 49.98 | 30.20 | 48.60 | 50.0 | 28.5 | 48.6 |
| Khedbrahma | 45.6 | 29.2 | 43.9 | 47.81 | 33.55 | 46.18 | 47.5 | 36.1 | 46.5 |
| Vadali | 45.5 | -- | 45.5 | 46.18 | -- | 46.18 | 51.9 | 45.0 | 50.3 |
| Dhansura | 44.6 | -- | 44.6 | 47.24 | -- | 47.24 | 46.5 | 0.0 | 46.5 |
| Bayad | 49.5 | -- | 49.5 | 48.40 | -- | 48.40 | 47.3 | 37.3 | 46.1 |
| Malpur | 49.8 | 28.9 | 48.3 | 51.28 | 31.53 | 49.79 | 51.9 | 32.8 | 50.7 |
| Talod | 46.6 | 33.7 | 45.0 | 49.88 | 35.55 | 48.07 | 46.0 | 34.2 | 44.6 |
| Idar | 44.0 | 27.7 | 42.0 | 47.22 | 29.87 | 44.81 | 47.2 | 35.8 | 45.4 |
| Prantij | 48.2 | 33.5 | 45.8 | 49.53 | 36.14 | 47.49 | 47.7 | 29.7 | 45.0 |
| Himatnagar | 46.1 | 28.1 | 41.9 | 44.93 | 31.24 | 41.92 | 40.7 | 31.9 | 37.9 |
| Modasa | 41.0 | 26.3 | 37.3 | 46.22 | 28.50 | 41.22 | 43.9 | 30.8 | 39.9 |
| **Sabarkantha** | **45.7** | **28.7** | **43.9** | **46.8** | **31.4** | **45.2** | **46.6** | **33.5** | **44.7** |
| **Gujarat** | **45.5** | **30.2** | **40.2** | **46.6** | **33.5** | **44.7** | **44.9** | **35.7** | **41.0** |

સાબરકાંઠા જિલ્લાની ભૂગોળ અનુસાર અહીં અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વિકાસ પામ્યા છે મૂળભૂત રીતે વિવિધ તાલુકાઓમાં વિવિધ સ્રોત દ્વારા લોકો પોતાની રોજીરોટીનું નિર્માણ કરતા જોવા મળે છે. આદિવાસી તાલુકાઓમાં આર્થિક પ્રવૃત્તિ અને વિવિધ વ્યવસાયો ક્ષેત્રે કેટલી વસ્તી કયા ક્ષેત્રમાંથી રોજગારી મેળવે છે તે અંગેની માહિતી નીચેના ટેબલમાં દર્શાવેલી છે. વિવિધ વ્યવસાયોની વિવિધ તાલુકા વાર રોકાયેલી વસ્તી ની તુલના કરવી થોડું અવવૈજ્ઞાનિક ગણાશે. કારણકે કોઈપણ વ્યવસાય જે તે પ્રદેશની ભૂગોળ ને આધીન વિકાસ પામતો હોય છે. આદિવાસી તાલુકાઓ મૂળભૂત રીતે કુદરતી સ્રોત આધારિત ખેતી અને જંગલ પ્રવૃત્તિ સાથે વિશેષ સંકળાયેલા હોય તે દેખીતી બાબત છે. કોઈ એક જ પ્રદેશ સમયના જુદા જુદા બિંદુએ વ્યવસાયની રીતે કેવી રીતે વિકાસ પામી રહ્યો છે અને તેમાં વિવિધ વસ્તી કેવી રીતે સંકળાય રહી છે તેની તુલના કરવી વૈજ્ઞાનિક ગણાશે. ઉપરોક્ત ટેબલના આધારે આપણે કયા તાલુકામાં કયા સમયે કયા વ્યવસાયમાં કેટલી વસ્તી રોજગારી મેળવતી હતી તે અંગેની તુલના વિવિધ આધાર સમય બિંદુનો લઈ કરી શકીએ તેમ છીએ. જે દર્શાવે છે કે આદિવાસી તાલુકાઓમાં જિલ્લા અને અન્ય તાલુકાઓની તુલનામાં ખૂબ જ ધીમા દરે પ્રાથમિક વ્યવસાયો માંથી દ્વિતીય અને તૃતીય ક્ષેત્રના વ્યવસાયો તરફ વસ્તી સંક્રમણ કરી રહી છે એટલે કે અહીં વિકાસની ગતિ તુલનાત્મક રીતે ઓછી જોવા મળે છે.

### સાબરકાંઠા જીલ્લામાં વ્યવસાયવાર શ્રમ યોગદાન 1991-2011

| Taluka | 1991 | | | | 2001 | | | | 2011 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Cultivators | ricultural Labour | Iouse-hold Industry Workers | Other Workers | Cultivators | gricultural Labour | Iouse-hold Industry Workers | Other Workers | Cultivat ors | gricultu ral Labou r | Iouse-hold Industry Workers | Other Workers |
| **Vijaynagar** | 75.2 | 11.8 | 0.9 | 12.1 | 46.8 | 32.5 | 1.1 | 19.5 | 33.6 | 45.1 | 1.1 | 20.3 |
| **Bhiloda** | 62.9 | 18.1 | 1.9 | 17.1 | 42.9 | 31.2 | 2.2 | 23.7 | 33.1 | 42.1 | 1.6 | 23.2 |
| **Meghraj** | 77.7 | 8.4 | 1.0 | 12.9 | 57.7 | 23.3 | 1.5 | 17.6 | 56.1 | 21.2 | 0.9 | 21.8 |
| **Khedbrahma** | 66.9 | 19.8 | 0.9 | 12.5 | 42.8 | 35.1 | 1.5 | 20.5 | 44.8 | 40.2 | 0.5 | 14.5 |
| **Vadali** | 55.6 | 24.9 | 2.5 | 17.0 | 30.5 | 35.9 | 2.0 | 31.7 | 29.2 | 35.7 | 1.2 | 33.9 |
| **Dhansura** | 55.6 | 20.5 | 0.7 | 23.3 | 41.6 | 25.3 | 1.8 | 31.3 | 33.0 | 26.7 | 1.1 | 39.2 |
| **Bayad** | 62.1 | 18.2 | 1.2 | 18.5 | 38.0 | 21.8 | 0.8 | 39.4 | 37.3 | 27.9 | 0.4 | 34.4 |
| **Malpur** | 75.4 | 11.2 | 1.2 | 12.2 | 50.4 | 20.6 | 1.5 | 27.6 | 50.0 | 20.4 | 0.4 | 29.3 |
| **Talod** | 51.1 | 22.8 | 1.4 | 24.7 | 29.6 | 18.7 | 1.1 | 50.6 | 30.7 | 28.2 | 0.9 | 40.2 |
| **Idar** | 46.9 | 25.4 | 2.0 | 25.6 | 25.8 | 29.7 | 2.2 | 42.3 | 23.9 | 33.3 | 1.2 | 41.7 |
| **Prantij** | 47.5 | 27.5 | 1.2 | 23.9 | 25.7 | 29.6 | 1.1 | 43.6 | 26.2 | 28.8 | 1.1 | 43.9 |
| **Himatnagar** | 41.5 | 20.1 | 1.6 | 36.8 | 22.9 | 22.8 | 1.6 | 52.7 | 19.8 | 21.7 | 1.5 | 57.0 |
| **Modasa** | 50.5 | 15.9 | 1.1 | 32.5 | 30.5 | 23.4 | 1.7 | 44.4 | 28.7 | 25.2 | 1.1 | 44.9 |
| **Sabarkantha** | **56.3** | **19.7** | **1.4** | **22.5** | **36.0** | **26.8** | **1.6** | **35.6** | **33.8** | **30.8** | **1.0** | **34.4** |
| **Gujarat** | **28.3** | **19.4** | **1.2** | **51.1** | **27.3** | **24.3** | **2.02** | **46.4** | **22.0** | **27.6** | **1.4** | **49.0** |

સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં જમીનનો ઉપયોગ કયા કયા હેતુ માટે થઈ રહ્યો છે તે અંગેની માહિતી નીચેના ટેબલમાં દર્શાવેલી છે આ માહિતી જોતા જણાય છે કે આદિવાસી તાલુકાઓમાં કુદરતી સંસાધનો અને જંગલ પ્રદેશો વિજયનગર જેવા તાલુકાઓમાં સવિશેષ છે. લેન્ડ યુઝપેટર્નના આધારે આપણે કહી શકીએ કે જમીન કયા હેતુ માટે ઉપયોગમાં આવી રહી છે ટેબલ ની માહિતી જોતા જણાય છે કે આદિવાસી તાલુકાઓ ખેતી ક્ષેત્રમાં ઠીક ઠીક પ્રમાણમાં જમીન આજે ખેડી રહ્યા છે. જોકે પર્વત અને જંગલ વિસ્તારોમાં સિંચાઈની અછતના કારણે અહીં ખેતી બારેમાસ કરવી બધાના માટે શક્ય હોતું નથી તેથી ખેતી ક્ષેત્રે જે જમીન દેખાય છે તે તમામ જમીન સમૃદ્ધ ખેતીના સંકેત આપતી નથી. જો અનુકૂળ સિંચાઈ વ્યવસ્થાઓ અપનાવવામાં આવે તો આ જમીનમાં બારેમાસ ખેતી શક્ય બને અને આર્થિક ઉપાર્જન નું મહત્વનું સ્ત્રોત તરીકે ખેતી ઉભરી આવે તેમ છે.

### જમીન વપરાસ ની તાલુકાવાર સ્થિતિ (% to Reporting area), 2012

| Taluka | Forest | Area Unsuitable for Agriculture | Area Under Non-Agricult ure Use | Barren & Unculturable Land | Permanent Pasture & Other Grazing Land | Land Under Misc. Trees & Crops | Cultivab le Wastela nd | Other Fallow & Current Fallow | Net Area Sown |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Vijaynagar | 62.6 | 3.1 | 3.5 | 3.1 | 0.3 | 0.0 | 2.7 | 16.4 | 12.2 |
| Bhiloda | 33.5 | 4.9 | 6.5 | 4.9 | 1.7 | 0.0 | 1.8 | 2.5 | 48.4 |
| Khedbrahma | 37.8 | 5.5 | 9.0 | 5.5 | 1.8 | 0.0 | 0.2 | 3.0 | 40.0 |

ઉપરોક્ત ટેબલના વર્ણનમાં જણાવ્યું હતું તેમ ખેતીમાં સિંચાઈની અછત જોવા મળે છે. નીચે આપેલા ડેટા સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સિંચાઈની શું પરિસ્થિતિ છે તે અંગેના છે સિંચાઈના વિવિધ સ્ત્રોતો અને પ્રત્યેક સ્ત્રોત અંતર્ગત કેટલી જમીન સિંચાઈ પામી રહી છે તે અંગેના ડેટા જોતા જણાય છે કે બિન આદિવાસી તાલુકામાં જે પ્રમાણે ખેતી માટે સિંચાઈની વ્યવસ્થા થઈ છે તેની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં સિંચાઈ સુવિધાઓ નોંધપાત્ર રીતે ઓછી જોવા મળે છે. જોકે અહીં પ્રદેશની ભૂગોળ પણ ઘણી બધી અંશે સિંચાઈ સુવિધાઓને પ્રભાવિત કરતી હોઈ શકે. મુખ્યત્વે આદિવાસી તાલુકાઓમાં ડુંગરાળ અને ખડકાર જમીન હોય અહીં સિંચાઈના વિવિધ સ્ત્રોતો ઊભા કરવા અને મોટા પ્રમાણમાં સિંચાઈ ઉપલબ્ધ કરાવી તે ખૂબ જ પડકાર જેને કામ છે. પરંતુ જો ખેતીને વિકાસ આપવો હોય અને આદિવાસીના આર્થિક ઉપાર્જનના સ્ત્રોત વિકસાવવા હોય તેમની ખેતીનો વિકાસ કરવો હોય તો તેમને સિંચાઈ ઉપલબ્ધ કરાવી તે અનેક વિકલ્પો પૈકીનો એક વિકલ્પ છે.

| **Taluka** | **NSA** | **NIA** | **GIA** | **Irrigation** | **Surface** | **Ground** |
|---|---|---|---|---|---|---|
| | **% toRA** | **000 ha** | | **Dev.** | | **water** |
| | | | | **%** | **% to GIA** | |
| Vijaynagar | 27.9 | 5.8 | 11.7 | 45.3 | 42.7 | 57.3 |
| Bhiloda | 42.7 | 21.5 | 28.8 | 63.1 | 36.6 | 63.4 |
| Meghraj | 50.4 | 12.6 | 22.3 | 45.6 | 39.2 | 60.8 |
| Khedbrahma | 39.4 | 16.3 | 21.4 | 49.3 | 50.2 | 49.5 |
| Vadali | 69.9 | 14.5 | 24.6 | 62.5 | 41.2 | 58.8 |
| Dhansura | 80.9 | 13.5 | 18.9 | 44.0 | 28.7 | 71.3 |
| Bayad | 81.9 | 22.5 | 43.5 | 45.9 | 48.2 | 51.8 |
| Malpur | 54.6 | 9.7 | 14.3 | 43.4 | 32.3 | 67.7 |
| Talod | 67.8 | 21.8 | 26.5 | 72.9 | 17.8 | 82.2 |
| Idar | 71.5 | 36.8 | 41.9 | 68.4 | 50.1 | 49.9 |
| Prantij | 73.6 | 21.9 | 33.6 | 69.6 | 34.6 | 63.4 |
| Himatnagar | 69.9 | 36.7 | 53.6 | 68.0 | 56.2 | 43.8 |
| Modasa | 68.0 | 18.4 | 37.8 | 43.8 | 51.4 | 48.6 |
| **Sabarkantha** | **61.0** | **252.2** | **378.9** | **56.7** | **43.0** | **57.0** |

## નાના પાયાના ઉદ્યોગો અને સાબરકાંઠાના આદિવાસી તાલુકાઓ

રોજીરોટીનું અન્ય એક સ્ત્રોત નાના પાયાના ઉદ્યોગ વિકાસમાં રહેલો છે સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કઈ કક્ષાના અને કેટલા પ્રમાણમાં વિકસ્યા છે તે અંગેની માહિતી નીચેના ટેબલમાં આપેલી છે. આ માહિતી જોતા જણાય છે કે આદિવાસી તાલુકાઓ ઔદ્યોગિક દ્રષ્ટિએ તેમાં પણ ખાસ કરીને નાના પાયાના ઉદ્યોગની દ્રષ્ટિએ અન્ય તાલુકાઓની તુલનામાં ઘણા પાછળ છે. વિજયનગર જેવા તાલુકામાં આ બાબતે ખૂબ જ ઓછી પ્રગતિ થયેલી જણાય છે.

જોકે અહીં નોંધપાત્ર છે કે જંગલ અને ડુંગરાણ પ્રદેશ હોવાથી ઔદ્યોગિકરણની ગતિ મર્યાદિત રહે, વળી પ્રશ્ન એ પણ રહે છે કે જો ઉદ્યોગો અહીં વિકાસ પામશે તો કુદરતી સંસાધનોને તેની કિંમત ચૂકવવી પડશે તેથી શક્ય છે.

**તાલુકાવાર નાના ઉદ્યોગોની સંખ્યા (Functioning), 2006 to 2011**

| Taluka | Registered Functioning SSI MSME (Units) | Investment (Rs. lakh) | Employment |
|---|---|---|---|
| Vijaynagar | 58 | 38.91 | 128 |
| Bhiloda | 55 | 893.31 | 229 |
| Meghraj | 35 | 18.56 | 101 |
| Khedbrahma | 57 | 579.96 | 134 |
| Vadali | 27 | 205.40 | 217 |
| Dhansura | 113 | 2942.80 | 1154 |
| Bayad | 68 | 1713.87 | 685 |
| Malpur | 6 | 72.90 | 31 |
| Talod | 41 | 2030.32 | 680 |
| Idar | 111 | 2065.50 | 11.6 |
| Prantij | 49 | 4297.24 | 1112 |
| Himatnagar | 342 | 9348.78 | 3588 |
| Modasa | 66 | 1225.81 | 620 |
| **Sabarkantha** | **1028** | **25333.36** | **9785** |

આદિવાસી તાલુકાઓના ઔદ્યોગિક વિકાસની વાત આવે ત્યારે અહીં મોટા ઉદ્યોગો કુદરતી સંસાધનોના વૈવિધ્યકરણ રક્ષણ માટે શક્ય કદાચ ન પણ બને. પરંતુ જિલ્લામાં અને આદિવાસી તાલુકાઓમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો વિકાસ શક્ય બને ખાસ કરીને પર્યાવરણ મિત્ર ઉદ્યોગો અહીં સ્થાપિત શકાય અને રોજગારીનું સર્જન કરી શકાય જો કે પ્રશ્ન એ આવે છે કે ઉદ્યોગને માટે જરૂરી એવી અન્ય શરતો પણ અહીંયા સંતોષાવી જોઈએ. ટેબલમાં આપેલી માહિતી તે મધ્યમ કક્ષાના ઉદ્યોગો સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કઈ પરિસ્થિતિમાં છે તે જોવા મળે છે. અહીં જોઈ શકાય છે કે આદિવાસી તાલુકાઓમાં આ પ્રકારના એકમોની સંખ્યા ઘણી ઓછી છે જેથી અહીંયા રોજગારીના એક સ્ત્રોત તરીકે મધ્યમ કક્ષાનો ઉદ્યોગો ખૂબ જ ઓછો ભાગ ભજવી રહ્યા છે.

### તાલુકાવાર મધ્યમ ઉદ્યોગોની સંખ્યા (Functioning), 2006 to 2011

| Taluka | Industrial Units | Total Investment (Rs. lakhs) | Employment |
|---|---|---|---|
| Vijaynagar | 0 | 0 | 0 |
| Bhiloda | 0 | 0 | 0 |
| Meghraj | 0 | 0 | 0 |
| Khedbrahma | 0 | 0 | 0 |
| Vadali | 0 | 0 | 0 |
| Dhansura | 0 | 0 | 0 |
| Bayad | 0 | 0 | 0 |
| Malpur | 0 | 0 | 0 |
| Talod | 1 | 525.0 | 13 |
| Idar | 2 | 1540.0 | 220 |
| Prantij | 3 | 2031.0 | 175 |
| Himatnagar | 3 | 2065.0 | 275 |
| Modasa | 1 | 750.0 | 35 |
| **Sabarkantha** | **10** | **6911.0** | **718** |

## સાબરકાંઠા જિલ્લામાં સ્થળાંતરના પ્રવાહ અથવા તરાહ:

### સાબરકાંઠા જીલ્લામાં સ્થાળાંતરની તરહ (Pattern of Migration)

| In Migration | Sabarkantha | | | | Gujarat | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Male | | Female | | Male | | Female | |
| | 1991 | 2001 | 1991 | 2001 | 1991 | 2001 | 1991 | 2001 |
| Within district | 62.8 | 83.2 | 75.5 | 87.4 | 45.4 | 52.4 | 65.1 | 69.8 |
| Outside district but within state | 26.8 | 11.4 | 18.5 | 9.4 | 35.4 | 28.3 | 27.0 | 22.7 |
| From other states | 10.0 | 5.3 | 5.8 | 3.1 | 18.1 | 18.9 | 7.4 | 7.3 |
| From other countries | 0.4 | 0 | 0.1 | 0 | 1.0 | 0.5 | 0.5 | 0.5 |
| Total Migrants | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 |

સાબરકાંઠા જિલ્લામાં ગરીબી ની પરિસ્થિતિ આદિવાસી તાલુકાઓમાં વિગત જોવા મળે છે. અહીં રોજગારીના વિકલ્પોનો અભાવ હોવાથી લોકો ઉત્પાદક રોજગારી મેળવવા નિષ્ફળતા અનુભવે છે. સ્થાનિક સ્તરે રોજગારીના વિકલ્પો ન મેળવી શકતા આ લોકો વિવિધ પ્રદેશોમાં સ્થાનાંતર કરતાં જોવા મળે છે ટેબલમાં આપેલી માહિતી તે આદિવાસી તાલુકાઓમાં સ્થળાંતરના પ્રવાહો કેવા છે તે અંગેનું વર્ણન કરે છે જણાય છે કે આદિવાસીઓ રોજગારીના વિવિધ વિકલ્પોની તલાશમાં માઈગ્રેશન ખૂબ દૂર સુધી કરે છે આ માઇગ્રેશનમાં તેઓ રાજ્યમાં અને રાજ્ય બહાર પણ, ખેતી ક્ષેત્રમાં બિનખેતી ક્ષેત્રમાં અને સેવા ક્ષેત્રમાં આ પ્રકારનું તેમનું માઇગ્રેશન જોવા મળે છે. સ્થળાંતરના પરિણામે તેમને ઘણા બધા પ્રશ્નો ભોગવવાના આવે છે અને આ પ્રશ્નોનો હલ શું હોઈ શકે તે અંગે વિકટ ચર્ચાઓ કરીને તેમને સ્થળાંતર દરમિયાન જે અનુભવવામાં આવતા શોષણ અને અન્ય પ્રશ્નો છે તે અંગેનો એક ઉકેલ તે સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં દર્શાવવામાં આવેલો છે.

**૩.6 ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં સાબરકાંઠા જીલ્લાના વિવધ આર્થીક પ્રશ્નોની ચર્ચાઓ વિગતવાર કરી ત્યાર બાદ આ આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે.

# પ્રકરણ-4
# સાબરકાંઠા જિલ્લા અર્થતંત્ર અને સ્થાનિક આદિવાસી સમસ્યાઓ



| ક્રમ | વિષય | પાનક્રમાંક |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 36 |
| 4.2 | વિવધ ક્ષેત્રવાર આર્થિક સમસ્યાઓ | 36 |
| 4.3 | આદિવાસી આર્થિક ઉત્થાન/ વિકાસ | 40 |
| 4.4 | આદિવાસી સમાજમાં સફળ થયેલા વિવિધ જીલ્લાના આર્થિક પ્રયોગો | 45 |
| 4.5 | ઉપસંહાર | 60 |

# પ્રકરણ-4

## સાબરકાંઠા જિલ્લા અર્થતંત્ર અને સ્થાનિક આદિવાસી સમસ્યાઓ

**4.1 પ્રસ્તાવના:**

આદિવાસી પ્રદેશોમાં ખોરાક, ઘાસચારો, નાના ઇમારતી લાકડા, હળ, ઔષધી અને અન્ય જરૂરિયાતો પરંપરાગત રીતે જંગલો જ પૂરી પાડે છે. જંગલના સંસાધનો જ તેમના સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા, ધર્મ અને સામાજિક, આર્થિક વ્યવસ્થાતંત્રનાં પાયામાં રહેલા છે, તેથી જંગલ વિના આદિવાસી વિકાસનો વિચાર ન કરી શકાય જમીનની બાબતમાં પણ કહી શકાય વાસ્તવમાં આદિવાસીઓ માટે આ બંને સમસ્યાઓ સિક્કાની બે બાજુઓ છે. જમીન તેમનું ઉત્પાદક સાધન છે જંગલ તેમનું પર્યાવરણ છે તથા આજીવિકાનું સાધન પણ છે. (જોષી,૨૦૨૧)

**સમસ્યાઓનો ટુંકસાર:**

સાબરકાંઠાના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ વિસ્તારની જમીન પથરાળ અને નાની નાની ટેકરીઓમાં પથરાયેલી જોવા મળે છે. સિંચાઈની સુવિધા અલ્પ પ્રમાણમાં હોવાથી ખેતી ચોમાસા પૂરતી માર્યાદિત જોવા મળે છે, મહદઅંશે ચોમાસું પાક લેવામાં આવે છે. શિયાળુ અને ઉનાળુ પાક નહીવત પ્રમાણમાં લેવામાં આવે છે જંગલ ઘટતું જતું હોવાથી ગૌણ વન પેદાશ, બળતણ, ઘાસચારો મેળવવાની સમસ્યા ઉભી થઇ છે. લગ્ન, બીમારીમાં દેવું કરે છે. આદિવાસી બાળક ભીલી બોલી બોલે છે. શાળામાં તેનું ગુજરાતીમાં શિક્ષણ આપવામાં આવે છે તેથી સમસ્યા ઉભી થાય છે. પોષણ યુક્ત આહારના અભાવે આરોગ્યની સમસ્યા ઉભી થાય છે, કેટલેક અંશે વ્યસનની સમસ્યા જોવા મળે છે. પીવાના પાણીની સમસ્યા છે. જંગલ જમીનના સંદર્ભમાં સમસ્યા છે.

**4.2 વિવધ ક્ષેત્રવાર આર્થિક સમસ્યાઓ**

પ્રત્યેક જીલ્લો અને પ્રત્યેક પ્રદેશની ભૂગોળ જુદી જુદી હોય છે આ ભૂગોળ ને આધારે તેમના કુદરતી સંસાધનો પણ વૈવિધ્યસભર હોય છે. વૈવિધ્યસભર કુદરતી સંસાધનોને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિલ્લાને વૈવિધ્યતા સફર આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામતી હોય છે. આ વિવિધતાસબર આર્થિક પ્રવૃત્તિઓ જે તે સ્થાનિક પ્રજાઓમાં વૈવિધ્યતા પૂર્ણ રોજગારીના વિકલ્પો પૂરા પાડતા હોય છે. પરંતુ અહેવાલમાં  જિલ્લાની ભૂગોળ ને અનુસાર તેના અર્થતંત્ર અને આ અર્થતંત્રમાં કયા કયા આર્થિક પ્રશ્નો છે તેની છણાવટ કરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાની માહિતીના આધારે જિલ્લા અને અર્થતંત્રને સમજવાનો પ્રયત્ન કરેલો છે. જિલ્લાના અર્થતંત્રની સમજ મેળવ્યા પછી જિલ્લાના આદિવાસીઓ અર્થતંત્રના કયા હિસ્સામાં વર્તમાન સમયમાં પ્રવૃત્તિ છે તેની સમજ કેળવી છે આ સમજના આધારે જિલ્લાના આદિવાસીઓ કઈ કઈ સમસ્યાઓ

સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરીને આ સમસ્યાઓના નિવારણ શું હોઈ શકે તેની વિગતે ચર્ચા પણ કરવામાં આવેલ છે. જિલ્લાના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં આદિવાસી સમાજ કઈ કઈ સમસ્યાઓ અનુભવી રહ્યો છે અને તેનું નિરાકરણ શું હોઈ શકે તેની ચર્ચા વિવિધ ક્ષેત્રો વાર નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય.

પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.

આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

1. માળખાગત સુવિધાઓની અછત: એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં જંગલ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.
2. રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક: ગુજરાતના પૂર્વ પટ્ટીના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રેલવે વ્યવહાર ના બરાબર છે. વળી અહીં રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે. આ સંજોગોમાં વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.

3. શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ: દુર અંતરિયાળ પ્રદેશ ઉપર જણાવવાનું છે રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત વિગત બને છે અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આકૃતિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.
4. સિંચાઈની સુવિધાઓ: ગુજરાત રાજ્યની પૂર્વમાં સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે. અહીં વરસાદનું પ્રમાણ ખાસ કરીને મધ્ય ગુજરાતના પૂર્વ ભાગો અને દક્ષિણ ગુજરાતના વિવિધ આદિવાસી તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.
5. સંદેશા વ્યવહાર ની અછત ;ગુજરાતના આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આંખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ

મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

6. મત્સ્ય પાલન પ્રવૃત્તિ: ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં ઇન લેન્ડ ફિશિંગ ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે ગુજરાતના મોટાભાગ ની મોટી સિંચાઈ યોજના માટેના બંધ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે આ મોટા જળાશયો મત્સ્યપાલન માટે બહુ મોટી શક્યતાઓ ઊભી કરે છે. અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.
7. પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ: ગુજરાતના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓમાં પશુપાલન પ્રત્યે રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. જોકે સુરત વલસાડ સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં જે પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે. જો કે વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે. બદલાતા આધુનિક સમયમાં મશરૂમ ઉછેર કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.
8. ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ: અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય

આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે. ગુજરાતમાં જેને ગોલ્ડન કોરિડોર કહીએ છીએ તેની આસપાસ આવેલા આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગીકરણ ઠીક ઠીક પ્રમાણ માં જોવા મળશે પરંતુ તે સિવાયના અન્ય આદિવાસી તાલુકામાં ઔદ્યોગીકરણ અત્યંત મર્યાદિત છે. ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

9. કુદરતી સંસાધનો અને જંગલ પેદાશો: આદિવાસી પ્રદેશ મુખ્યત્વે જંગલ પ્રદેશો છે અહીં કુદરતી સંસાધનો અત્યંત વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જંગલો ઉપરના વસ્તીના દબાણને જોતા જંગલોનું વિનાશ વેગ પકડે તે સ્વાભાવિક છે. જંગલોને જો બચાવવા હોય તે જ પ્રમાણે કુદરતી સંસાધનો જો વિવેક પૂર્ણ ઉપયોગમાં લાવવા હોય તો જે પ્રદેશની આ સંપત્તિ છે તેવા આદિવાસી સમુદાયને આ સંસાધનો સાથે જોડવા પડશે. આદિવાસીઓને આ સંસાધનોમાંથી વિવેક પૂર્ણ આજીવિકા મેળવવા માટે ના અધિકારો આપવામાં આવશે તો તેના પરિણામ સ્વરૂપે જ્યાં આદિવાસી સમુદાયની ગરીબી ઓછી થશે ત્યાં બીજી બાજુ આદિવાસી સમુદાયો અહીં વૈકલ્પિક સ્વરૂપે નિર્વાહના ઘણા બધા રસ્તાઓ મેળવી શકશે. વળી આ પ્રકારના પગલા દ્વારા કુદરતી સંસાધનો અને જંગલના રક્ષણની પણ એક ખાતરી સમાજને આદિવાસી સમુદાય તરફથી મળશે. જંગલ જમીન અધિકાર કાયદો તે આ દિશામાં લેવામાં આવેલું એક કારગત પગલું છે.

## 4.3 આદિવાસી આર્થિક ઉત્થાન/ વિકાસ:

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે.

**ખેતી ક્ષેત્રેમાં આદિવાસીનો વિકાસ:**

ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે. ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈના અભ્યાસ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંસ્થળ ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે સ્ટ્રોબેરી, કાજુ અને વિવિધ પ્રકારના મશરૂમ જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

**આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવચન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતની તમામ ભૌગોલિક પ્રદેશો પ્રવચન નાઆકર્ષણ માટે અને અલાયદ સ્થાન ધરાવે છે. વર્તમાન સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ જે તે પ્રદેશની એક મોટું કારણ સાબિત થયેલું છે. આવનારા સમયમાં ગુજરાતની સંપૂર્ણ પૂર્વ પટ્ટી કે જે આદિવાસી રહેણાંક વિસ્તાર છે તેમાં પ્રવાસ પર્યટનની ખૂબ જ વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પ્રદેશના સ્થાનિક આદિવાસીઓને જો યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અલાયદી યોજનાઓનું ઘડતર કરવામાં આવે તો આ પ્રદેશોમાં પ્રવચન ઉદ્યોગ સ્થાનિક લોકોની રોજગારી માટે એક બહુ જ મોટો વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે. સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય

વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસને પૂરક એવા પ્રવચન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં પાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે. જિલ્લા સંશોધક તરીકે વિવિધ આદિવાસી પ્રદેશો માં વિવિધ મુલાકાતો દ્વારા એ જોવા મળ્યું છે કે આ પ્રદેશમાં વસતા સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારી બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

**આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ**:

આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અને કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે. આદિવાસી પ્રદેશો કુદરતી સંસાધનોની રીતે જોઈએ તો ઘણા જ સમૃદ્ધ પ્રદેશો છે. આ પ્રદેશોમાં વિવિધ ઉદ્યોગો માટેની વિવિધ ખાણ અને ખનીજો ના ભંડારો આવેલા છે. આદિવાસી પ્રદેશોના આ ખાણ અને ખનીજો ની મદદ લઈને અન્ય પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે આજ ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્રોત તરીકે આદિવાસીઓ પોતા શ્રમ સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે

ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરુંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી. આ વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

**આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:**

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં પણ ભરપૂર પ્રમાણમાં રહેલી છે. આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે. ગુજરાતના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જુઓ જોવામાં આવે તો જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ ભોળા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે. દાખલા તરીકે બજારમાં જોવા મળતી પતંજલિ બ્રાન્ડ તેની સંપૂર્ણ સફળતા કુદરત આધીન હોવાના તેના દાવા ઉપર નિર્ભર છે. આદિવાસી સમુદાયો તેના પ્રારંભથી જ કુદરત દત્ત અને કુદરત સાથે સંકળાયેલું જીવનશૈલી જીવતા આવ્યા છે આ રીતે જોવામાં આવે તો આદિવાસીઓ દ્વારા એકત્ર કરી અને તેનું વેચાણ વ્યવસ્થા કરવામાં આવતી વસ્તુઓમાં ખૂબ જ લોકપ્રિય બનશે તેવી ખૂબ ઊંચી સંભાવનાઓ રહેલી છે.

**આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:**

આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની

અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસીશ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે.

### 4.4 આદિવાસી સમાજમાં સફળ થયેલા વિવિધ જીલ્લાના આર્થિક પ્રયોગો:

#### 4.4.1. ઈસર સહકારી પિયત મંડળી (સુરત જીલ્લાના માંડવી તાલુકાના ૩ ગામો)

ઇસર સહકારી પિયત મંડળી દ્વારા આદિવાસી વિસ્તારમાં ગ્રામીણ ગરીબ લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે કામગીરી કરે છે. આદિવાસી વિસ્તારમાં પિયત મંડળીની સ્થાપનાથી શિક્ષણમાં પણ સુધારાની કામગીરી કરે છે. પિયત મંડળીના સભ્યો થવાથી તે લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં પરિવર્તન જોવા મળે છે.

સુરત જીલ્લાની ઇસર પિયત મંડળીમાં કુલ સભાસદોની સંખ્યા ૬૪૩ છે. તેમાંથી માંડવી તાલુકાના ૩ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં ઈસરનાં કુલ ૨૮૭, દેવગઢનાં ૧૪૪ અને જુનવાણાનાં કુલ ૩૨ સભાસદો જેમાંથી ૭.૫ % લેખે ૩૩ સભાસદોનો અભ્યાસ કરેલ છે. જેમાંથી નહેરનું સ્થળ અગ્ર, મધ્ય અને છેવાડે એમ અલગ-અલગ રીતે પસંદ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં અને સભાસદોમાં જોવા મળેલ મુખ્ય બાબતો નીચે મૂજબ છે.

પસંદ કરાયેલ ઉત્તરદાતાઓમાં ગરીબી રેખા નીચેનું પ્રમાણ વધારે જોવા મળે છે. પસંદ કરાયેલ ઉત્તરદાતાઓ અનુસુચિત જનજાતિના જોવા મળે છે. આવકનું મુખ્ય સ્રોત ખેતી છે. મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય પશુપાલન જોવા મળે છે. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે જ્યારે પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. શિક્ષણ ઓછું હોવાનું અને શિક્ષણ વચ્ચે છોડી દેવાના મુખ્ય કારણમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવી અને અમુક લોકો શિક્ષણને બિન જરૂરી સમજે છે એવું આ અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું. તેમજ સભાસદોમાં ભૌતિક અસ્કામાંતોમાં સૌથી વધુ પ્રમાણ મોબાઈલનું જોવા મળ્યું. મોટાભાગના મકાનો કાચા જોવા મળ્યા. પિયત મંડળી આવવાથી ખેતી અને સિંચાઈ ક્ષેત્રે ટ્રેક્ટર અને ઓઈલ એન્જિનનો વધુ ઉપયોગ થવા લાગ્યો. જમીન પિયત અને બિન પિયત એમ બંને પ્રકારની જોવા મળે છે. સભાસદોમાં મોટા ભાગે પિયત માટે નહેરનો ઉપયોગ કરતાં જોવા મળે છે. ખેતીમાં સંકર બિયારણ અને રાસાયણિક ખાતરનો વપરાશ વધુ જોવા મળે છે. ઈસર મંડળીની સ્થાપનાનાં કારણે તેનો લાભ મેળવનાર સભાસદોના જીવન ધોરણમાં સુધારો જોવા મળ્યો છે.

#### 4.4.2. દીપક ફાઉન્ડેશન

**૧) કલ્પ વાડી યોજનાનું આર્થિક અદ્યયન:** કલ્પ વાડી યોજનાનું આર્થિક અદ્યયન છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મુંડામોર, મુઘલાવાંટ, બગલીયા, રંગપુર, ઝીલાવા, ઝાંઝરઝોલ, ઝરોઈ, વીજળી, ડેરી, સીંગલકુવા અને ખેરકા ૧૧ ગામોના સંદર્ભમાં આદિવાસી વિસ્તારમાં ગરીબી, બેરોજગારી વગેરે સમસ્યાઓને પરીણામે આ વિસ્તારના લોકોનું જીવન ધોરણ નીચું જોવા મળે છે.

કલ્પ વાડી પ્રોજેક્ટ કવાંટ આજીવિકા પ્રોજેક્ટ (Kawant Livelihood Project) (KALP) અંર્ગત 2009 માં શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં કવાંટમાં આજીવિકા વિકસાવવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા હતા અને તેમાં આ વાડી યોજનાનો સમાવેશ પણ થઈ જાય છે. કવાંટ માં 30,000 થી પણ વધુ આદિવાસી ઘરો છે. લોકોના સાર્વત્રિક વિકાસ અને આજીવિકા પુરી પડવાના હેતુથી વાડી યોજના અમલમાં મુકવામાં આવી હતી. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગની ભાગીદારીમાં આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો હતો. તેમાં નાબાર્ડની પણ મહત્વની ભૂમિકા રહેલી છે. અને તેમાં દીપક ફાઉન્ડેશને નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને યોજના ઘડી હતી.

આ સંસ્થા બચત મંડળી, સ્વસહાયજુથો વગેરેની રચના કરી જરૂરી ધિરાણ પૂરી પાડે છે. તથા ખેતી અંગેની માહિતી અને તાલિમ, માર્ગદર્શન આપી ખેડૂતોને પોતે જ પોતાને મદદરૂપ બની રહે તેવી સ્થિતિસર્જીને ખેડુતોને મદદ અને પ્રોત્સાહન પુરૂં પાડે છે. આ કાર્ય ખેડૂતોને સજીવ ખેતી તરફ વાળવાનું કે આર્થિક સ્વસહાય પુરતુ જ મર્યાદિત નથી પરંતુ આર્થિક રીતે પગભર બને તે માટે મહત્વનું બની રહે છે. તે અંતર્ગત ૨૦૦૯-૧૦માં જે વાડી યોજના હેઠળ વાડીઓ આપવામાં આવી તેનો આર્થિક અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે.

અભ્યાસ માટે કુલ ૧૧ ગામોની પસંદગી કરવામાં આવી હતી. જેમાથી 42 કુટુંબની મુલાકાત લેવામાં આવી હતી. પસંદ કરેલ બધાજ ઉત્તરદાતાઓ અનુસુચિત જનજાતિના અને પુરૂષો છે. પીવાનું પાણી પાકા રસ્તા અને વીજળી ૧૮ કલાકથી વધુ દરેક ગામમાં મળી રહે છે. પાણી માટે મુખ્યત્વે કૂવા અને બોરનો સમાવેશ થાય છે. પાકા રસ્તા માંથી ઓછી માત્રામાં રસ્તા અર્ધપાકા કે તૂટેલા જોવા મળ્યા હતા. ખાનગી શાળા, અંગ્રેજી શાળા, ઉદ્યોગ અને જાહેર શૌચાલય કોઈ પણ ગામમાં જોવા મળતા નથી. BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબોનું પ્રમાણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. સ્થળાંતરનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં મજુરી માટે વધારે પ્રમાણમાં થાય છે. કુલ ઉત્તરદાતાઓમાંથી મોટા ઉત્તરદાતાઓ પિયત જમીન ધરાવતા હતા. પરતું ઉનાળામાં પાણીની તંગી રહે છે. ટેબલ, ખુરશી અને મોબાઈલ જેવા સાધનો ઉપયોગી હોવાથી દરેક ઘરમાં જોવા મળે છે. આંબાવાડી નિષ્ફળ નિવડી છે તેથી તે રોજગારી સર્જવામાં પણ નિષ્ફળ નિવડી છે. ગામોમાં સામાજિક પ્રસંગોમાં વધારે ખર્ચ થતું જોવા મળે છે. સાથે સાથે વ્યસનનું પ્રમાણ પણ વધારે હોવાથી તે પાછળ થતો ખર્ચ વધારે જોવા મળે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓના મતે વિકાસ

એટલે રોજગારી અને ગામમાં વાહન વ્યવહારની સુવિધા હોવી.

**૨) વાડી યોજનામાં જોડાયેલા આદિવાસી લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ )છોટા ઉદેપૂર જીલ્લાના કવાંટ તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને)**

પ્રસ્તુત સંશોધન અહેવાલ દ્વારા છોટાઉદેપૂર જીલ્લાનાં કવાંટ તાલુકાના ગામનાં લોકોની આર્થિકસામાજિક પરિસ્થિતિ જાણવા મળશે. પ્રસ્તુત સંશોધનમાં આદિવાસીનો અભ્યાસ - કરવા માટે કુલ કલ્પ પ્રોજેક્ટનાં લાભાર્થીઓમાંથી ૫૦ ખેડૂતો પસંદ કરવામાં આવ્યા છે. ૧૧ ગામોમાંથી મંકોડી, થાંભલા, ગેડેથા ગામોમાંથી છ-છ ઉત્તરદાતા, પંસદ કરવામાં આવ્યાં છે. ગામમાં સરેરાશ રીતે સારા પ્રમાણમાં સુવીધા ઉપલબ્ધ છે. સૌથી વધું ઉત્તરદાતા ૪૧ થી ૬૦ વર્ષની ઉંમર વચ્ચે આવનારા જોવા મળે છે. જેનું પ્રમાણ ૬૪% જોવા મળે છે. સૌથી વધારે ઉત્તરદાતાઓ ગરીબી રેખા નીચે જીવનારા લોકો છે. જેનું પ્રમાણ ૭૨% છે. ગામડાઓમાં હાલમાં પણ કુટુંબોમાં સંયુક્ત પ્રથાનું પ્રમાણ વધારે છે. સ્થળાંતર વધારે જીલ્લા બાહર થવાનું મુખ્ય કારણ ત્યાં યોગ્ય કામ અને વેતન મળે છે. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ સારી હોવાથી ઘરમાંથી કોઈ સ્થળાંતર કરતુ નથી. ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી મજુરી કરવાનું પ્રમાણ વધારે છે. અને ઓછા પ્રમાણમાં ઉત્તરદાતા નોકરી અને ધંધા માટે જાય છે. (મજુરી ૩૨% અને નોકરી અને ધંધો ૧૪%) સૌથી વધારે ઉત્તરદાતાઓ ખેતી અને છૂટક મજુરી વ્યવસાય સાથે સંકળાયેલા છે. કારણ કે ખેતી એમનો પરંપરાગત વ્યવસાય છે. અને છૂટક મજુરી એ એમનો ગૌણ વ્યવસાય છે. (ખેતી અને છૂટક મજુરી ૭૪%). મોટાભાગના ઉત્તરદાતાઓની જમીનનું પ્રમાણ ૧ થી ૬ એકરમાં છે. માટે સીમાંત અને નાના ખેડૂતોનું પ્રમાણ વધારે (૮૬%) જોવા મળે છે. સૌથી વધારે ૦.૫ એકરમાં ઉત્તરદાતાઓ વાડી કરી હતી. અને ૧ એકર વાડી વાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. (૦.૫ એકરમાં ૭૨% અને ૧ એકરમાં ૨૮%)

ઉત્તરદાતાની વાડી અંગેની માહિતી જોઈએ તો મોટાભાગના ઉત્તરદાતા ૨૦૦૯માં જોડાયા છે .અને બાકીના ઉત્તરદાતા ૨૦૧૦ અને ૧૦૧૧ માં જોડાયા છે૨૦૦૯) . માં ૭૨% અને ૨૦૧૦(%૧૧ ૨૮/. મોટાભાગના ઉત્તરદાતાઓ ને ૦૫ એકરની વાડી.માં જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ વધારે છે .અને ૧ એકરની વાડીમાં જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ ઓછું છે ૦.૫) .૪૬% અને ૧ ૨૨ જ્યારે (% ૧૬ ઉત્તરદાતાને આંબા મરી ગયા છે તેનું મુખ્ય કારણ પાણીની સમસ્યા હતી. ઉત્તરદાતાઓને જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ ખુબ ઓછું હતું .મોટાભાગે ઉત્પાદનનું પ્રમાણ ૧ થી ૧૦ મણ કેરીનું જ જોવા મળ્યું હતું (%૩૮) . ઉત્તરદાતાઓને ઓછા પ્રમાણમાં કેરીઓ થતી હતી માટે તેનું વેચાણ ગામમાં જ વધારે થતું હતું. મોટાભાગના ઉત્તરદાતાઓ સંસ્થામાં જોડાવાથી રોજગારીમાં વધારો થયો છે કેમકે સંસ્થા દ્વારા રોજગારી સંદર્ભે અનેક કાર્યક્રમ કરવામાં આવે છે(%૪૨) .

ઉત્તરદાતાની ખર્ચ અને આવક અંગેની માહિતી જોઈએ તો ઉત્તરદાતાઓ ઘરે પશુપાલન

કરતા હોવાથી દુધ અને દુધની બનાવટો પાછળ ૨૦૦ કરતા ઓછું ખર્ચ કરનાર કુટુંબો વધારે છે. અને શિક્ષણ અને કાપડ પાછળ ૬૦૦ થી ૮૦૦ સુધી ખર્ચ કરનાર કુટુંબો ઓછા છે) .કોષ્ટક ક્રમ ૩(૨૨. વાડીમાંથી મળતી આવકનું પ્રમાણ ૧૫૦૦૦ સુધી હોય તેવા ઉત્તરદાતા વિશેષ મળે છે. બાકીના તમામ ઉત્તરદાતાઓને ઓછી આવક પ્રાપ્ત થાય છે. નફો ન મળવા પાછળનું મુખ્ય કારણ પાણીની સમસ્યા હોવાથી વધારે ઉત્તરદાતાઓના આંબા મરી ગયા છેઉત્તરદાતાની . કુલ આવકમાં વધારે હિસ્સો ખેતીની આવકનો) ૫૨(% છે પરંતુ ખેતી ફક્ત ચોમાસામાં જ કરાય છે .માટે ઉત્તરદાતાઓની આવકનું પ્રમાણ ઘણું નીચું જોચા મળે છે.

### 3) દીપક ફાઉન્ડેશન દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ દાળમીલમાં જોડાયેલ મહિલા લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના નશવાડી તાલુકાના અગિયાર ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં કોલબા, સારીપાણી, રાનેડા, સીન્ધીકુવા, કોલીબોરીયાદ, મોધલા, કાળીડોળી, પીપલાજ, રાણીપુરા, ભરવાડા અને સેન્ગાપુર ગામનો સમાવેશ થાય છે જેમાંથી ૩૯ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. તમામ ઉત્તરદાતા તરીકે સ્ત્રીઓ છે. જેમાં BPL રેશન કાર્ડ ધારકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમાં દારુ, મસાલો જેવા વ્યસન જોવા મળે છે. વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં કડીયા કામ, મજુરી કામમાં રોજગારી મળી રહેતી હોવાથી સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જે કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે તેમાં પણ ૧/૨ સભ્યો જ કામ માટે જાય બાકી સભ્યો ગામમાં જ જે કઈ કામ મળે તે કરતાં જોવા મળે છે. મોટાભાગના લોકો ગામમાં ખેતી અને પશુપાલન વ્યવસાયમાંથી રોજગારી મેળવે છે. ગામમાં અર્ધપાકા મકાનોનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં પીવાનું પાણી અને વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. પસંદ કરેલ કુટુંબમાં મોબાઈલ અને સ્કુટર બધા પાસે જોવા મળે છે. મનોરંજનનાં સાધનોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ગામમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેમજ છેલ્લા દશ વર્ષથી શિક્ષણમાં વધારો થતો જોવા મળે છે. ગામમાં લોકોની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. આ ઉપરાંત ગૌણ વ્યવસાયમાં પશુપાલન, મજુરી અને શાકભાજીનું વેચાણ જોવા મળે છે. ગામની જમીન કાળી, ગોરાડું અને પથરાળ જોવા મળે છે. ફાઉન્ડેશન દ્વારા અપાતી તાલીમના કારણે ખેતીની આવકમાં વધારો થયો છે. તેમના ઘરમાં દૂધ, કઠોળ અને શાકભાજી તેમજ અનાજ જેવી વસ્તુઓ ઉપલબ્ધ હોવાથી તેના માટે બહારથી ખરીદી કરવી પડતી નથી. આથી તે વસ્તુઓ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### ૪) દીપક ફાઉન્ડેશનની વાડી યોજનામાં જોડાયેલા આદિવાસી લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકાના મુંડામોર, મુઘલવાંટ, બગલીયા, રંગપુર, ઝીલવા, ઝાંઝરઝોલ, ઝરોઈ, વીજળી, ડેરી, સીંગલકુવા અને ખેરકા ગામને કેન્દ્રમાં રાખીને કરેલ છે. જેમાંથી ૪૨ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે.

બધા જ કુટુંબો અનુસુચિત જનજાતિના જોવા મળે છે. ગામમાં માળખાકીય સુવિધાઓ પીવાનું પાણી, વિજળી, રસ્તાઓ વગેરે જોવા મળે છે. એક પણ ગામમાં ખાનગી શાળા કે અંગ્રેજી શાળા કે જાહેર શૌચાલય જોવા મળતા નથી. BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. સ્થળાંતર જોવા મળે છે અને એ પણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જતા લોકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. જમીન ધરાવે છે પરંતુ ઉનાળામાં પાણીની તંગીના લીધે બહારગામ કામ માટે જવું પડે છે. વાડી યોજના સાથે જોડાયેલ કુટુંબની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે આંબાવાડી નિષ્ફળ નીવડી છે આથી તેમાં આવક કે રોજગારી નાં મળતા અન્ય જગ્યાએ રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે આથી વ્યસન પાછળ થતું ખર્ચ પણ વધારે જોવા મળે છે તેમજ અનાજ, શિક્ષણ અને આરોગ્ય પાછળ થતાં ખર્ચ કરતાં સામાજિક પ્રસંગો પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 4.4.3.શ્રોફ ફાઉન્ડેશન સંસ્થાનો પશુપાલન યોજનાનો આર્થિક અભ્યાસ

**૧) પશુપાલન યોજનાનો આર્થિક અભ્યાસ:** શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના ૧૯૮૦ માં થઇ હતી. તેની શરૂઆત વડોદરાના કલાલી ગામમાં થઇ હતી. ત્યારે ચાલતી પ્રવૃત્તિ હોસ્પિટલ, ખેતીવાડી, પશુપાલન શિક્ષણ અને શાળાના શિક્ષકોને તાલીમ આપવી. આ સંસ્થા વડોદરા અને કચ્છ જીલ્લામાં લોકોના જીવન ધોરણમાં સુધારો કરવાનું કામ કરે છે.

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના/તાલુકાના ખડકવાડા ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં સંસ્થા સાથે જોડાયેલ લોકોમાંથી ૩૨ કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેના મુખ્ય તારણો નીચે મૂજબ છે.

સ્ત્રીઓ કરતાં પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. પસંદ કરેલ કુટુંબમાંથી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આ કુટુંબમાં સયુક્ત કુટુંબ પ્રથા નષ્ટ થતી જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબ પૈકી ૫૦% કુટુંબમાં સ્થળાંતર જોવા મળતું તેનું મુખ્ય કારણ છે કે તેઓ પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળે છે. કુટુંબમાંથી ૧/૨ સભ્યો સ્થળાંતર કરે છે જ્યારે કુટુંબના બીજા સભ્યો સ્થળાંતર કરતાં નથી. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે. વાર્ષિક ખર્ચ જે જોવા મળે છે તે પૈકી અનાજ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં સરકારી શાળા, વીજળી, પાકા રસ્તા વાહન વ્યવહાર અને પીવાના પાણીની સુવિધા વગેરે આંતર માળખાકીય સુવિધાઓ જોવા મળે છે. કુટુંબમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત મનોરંજનની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. આ ગામમાં યુવા વર્ગનું પ્રમાણ

વધારે જોવા મળે છે. ગામમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જેમાં સ્ત્રીઓ કરતાં પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે. કુટુંબની વાર્ષિક આવકમાં ખેતી અને પશુપાલન વ્યવસાયનો હિસ્સો વધારે જોવા મળે છે. પશુપાલન વ્યવસાય માટે શ્રોફ ફાઉન્ડેશન લોન આપે છે. કુટુંબો પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ હોવા છતાં પશુ વીમાની બાબતમાં અજાણ છે. એ લોકો પશુઓ માટેનું ખાણ-દાણ છોટા ઉદેપુર બજારમાંથી ખરીદી કરી લાવે છે.

**૨) શ્રોફ ફાઉન્ડેશન ફુડ પ્રોસેસિંગ (સીતાફળ) યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના તાલુકાના ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં પાંચ ગામો ખડક્વાડા, મોટીસધલી, કનાશ, સીમલકુવા અને ટુંડાવાનો સમાવેશ થાય છે. આમ આ ગામોમાંથી ૩૦ કુટુંબોની પસંદગી કરવામાં આવેલ છે.

આ અભ્યાસમાં કુટુંબના સભ્યોમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. તમામ કુટુંબો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા જોવા મળે છે. કુલ કુટુંબની સંખ્યામાં પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા વધારે જોવા મળે છે. વિભક્ત કુટુંબપ્રથા વધારે જોવા મળે છે તેમજ BPL આર્થિક દરજ્જો ધરાવનાર કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં જોવા મળતા મકાનોમાં કાચા મકાનનું પ્રમાણ વધારે જોવા મળે છે. લોકો ખેતી સાથે જોડાયેલ છે અને પિયત જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સ્થળાંતર વધારે જોવા મળે છે. તેઓ કામ માટે જીલ્લા બહાર જતા જોવા મળે છે. કુટુંબમાં શિક્ષણ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ ઓછુ જોવા મળે છે જ્યારે વપરાશી ખર્ચમાં વસ્ત્ર અને પગરખા પાછળ થતું ખર્ચ વધારે જોવા મળે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી જોવા મળે છે.

સીતાફળ સાથે જોડાયેલ હોવાથી તેઓ સીતાફળનું કુદરતી રીતે ઉછેર કરતાં જોવા મળે છે. સીતાફળ શેઢાના પાળા પર અને જંગલ વિસ્તારમાં જોવા મળે છે. દેશી બિયારણનો ઉપયોગ કરે છે. સીતાફળનું બજાર અને સંસ્થામાં વેચાણ કરે છે. ગુણવતા પ્રમાણે ભાવ મળે છે. આ સંસ્થા સાથે જોડાવાથી તેમની આવકમાં વધારો થયો છે અને તેથી તેમના કુટુબના જીવનધોરણમાં પણ સુધારો જોવા મળે છે.

**3) શ્રોફ ફાઉન્ડેશનમાં ભરતગુંથણ સંસ્થા સાથે સંકળાયેલ લાભાર્થીનો આર્થિક અભ્યાસ.**

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લા અને તાલુકાના પુનીયાવટ, વસેડી, જુડાવાટ, શિમલકુવા ગામને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં કુલ ૩૨ કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે.

અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે, ઉત્તરદાતામાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૧૦૦% વિભક્ત કુટુંબો જોવા મળેલ છે. તેમજ તમામ કુટુંબનો આર્થિક દરજ્જો BPL જોવા મળે છે. બહેનો ભરતકામ સાથે જોડાયેલ છે જ્યારે પુરુષો ખેતી અને અન્ય જગ્યાએ મજુરી માટે કામે જાય છે. ૭૮% કુટુંબો કાચા મકાનો ધરાવે છે. મોટાભાગના કુટુંબની

જમીનનું પ્રમાણ ૧ થી ૩ એકર જોવા મળે છે. અને તેમાં પણ બિન પિયત જમીન વધારે છે. આથી ખેતી ચોમાસા આધારિત હોવાથી બાકીના સમયે તેમણે રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. કુટુંબની ૫૦% થી વધારે આવક ખેતીમાંથી થતી જોવા મળે છે. તેમની જમીનનો પુરતો ઉપયોગ થતો જોવા મળતો નથી કારણ કે પિયતની સુવિધા ઉપલબ્ધ નાં હોવાથી. આ કુટુંબમાં કુલ ખર્ચના ૪૨% ખર્ચ શિક્ષણ પાછળ થતું જોવા મળે છે. ધીમે ધીમે શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. સૌથી ઓછો ખર્ચ અનાજ પાછળ થાય છે કારણ કે તે પોતાના ખેતરમાં પકવે છે. રોજગારી માટે છોટાઉદેપુરમાં કડીયાકામ, છૂટકમજુરી અને ખેતમજુરી માટે સ્થળાંતર કરતાં જોવા મળે છે.

### 4.4.4. બાયફ સંસ્થા (બાયફ સંસ્થાની વાડી યોજના સાથે સંકળાયેલ કુટુંબનો આર્થિક આભ્યાસ

**૧) બાયફ સંસ્થાની વાડી યોજના સાથે સંકળાયેલ કુટુંબનો આર્થિક આભ્યાસ**:

ડાંગ વિસ્તારમાં 22 કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ગરીબી અને બેરોજગારી જેવા પ્રશ્નો હોવાથી મોટા ભાગના લોકોનો આર્થિક દરજ્જો ગરીબી રેખા નીચે જોવા મળે છે. સંયુક્ત કુટુંબના બદલે વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. દરેક વ્યક્તિ પોતાની માલિકીનું મકાન ધરાવે છે પરંતુ મોટા ભાગના મકાનો કાચા જોવા મળે છે. ગામમાં ગટર લાઈન જોવા મળતી નથી આ ઉપરાંત ગામમાં કોઈ ખાનગી દવાખાનું કે ખાનગી શાળા પણ જોવા મળતી નથી. ગામમાં પ્રાથમિક શાળા આવેલ છે. ગામમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. આવકનું પ્રમાણ જોઈએ તો પસંદ કરેલ કુટુંબો પૈકી ૭૭% કુટુંબોમાંની આવક ૨૦ થી ૩૦ હજાર જોવા મળી હતી જે બહુ ઓછી કહી શકાય. આ વિસ્તારમાં પસંદ કરેલ કુટુંબોમાં દરેક કુટુંબમાં પોતાની જમીન જોવા મળે છે આ ઉપરાંત તેઓ પશુઓ પણ ધરાવે છે આમ તેઓ ખેતી સાથે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળે છે. તે લોકો અનાજ માટે બજાર પર આધાર રાખતા નથી. પોતાની જરૂરીયાત મુજબ પોતાના ખેતરમાં પકવે છે આ ઉપરાંત સસ્તા અનાજની દુકાનમાંથી મળતા અનાજનો ઉપયોગ કરે છે. જે કુટુંબનો આર્થિક દરજ્જો સારો છે તે લોકો રસોઈ બનાવવા માટે ગેસનો ઉપયોગ કરે છે જ્યારે મોટા ભાગના કુટુંબોમાં લોકો રસોઈ માટે લાકડાનો ઉપયોગ કરે છે. શિક્ષણ અને તાલીમ પાછળ વાર્ષિક સરેરાશ ખર્ચ ૧૦૦૦૦ ની આજુબાજુ જોવા મળે છે. પરિવહન પાછળ પણ ૧૦૦૦ થી ૫૦૦૦ નો ખર્ચ જોવા મળે છે. બાયફ સસ્થામાં જોડાવા માટેનું માર્ગદર્શન બાયફ સંસ્થાના કર્મચારી દ્વારા મળેલ છે.

**૨) બાયફ સંસ્થા સાથે જોડાયેલ વાડી યોજનાનાં લાભાર્થીનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ કપરાડા તાલુકાના કપરાડા અને ચંદવેગણ ગામને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. ધરમપુર અને કપરાડા તાલુકાના ૧૬૨ ગામમાં વાડી યોજના કાર્યરત છે. તેના કુલ ૧૭૦૫૮ લાભાર્થીઓ છે. જેમાં કપરાડા ગામના ૧૫ અને ચંદવેગણ ગામના ૧૫ કુટુંબનો અભ્યાસ કરેલ છે. ગામમાં BPL રેશનકાર્ડ ધારકોનું પ્રમાણ વધારે હતું. ૨૫ પૈકી ૧૭ ઉત્તરદાતા એવા હતા જે સ્થાનિક હતા બાકી બહારથી સ્થળાંતર કરી આવેલા હતા.

મોટા ભાગના કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે. સ્થળાંતર કરવા માટેનું મુખ્ય કારણ એ હતું કે તેમની પાસે જમીન હતી પરંતુ સિંચાઈની સુવિધા પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હતી આથી ખેતી ચોમાસા આધારિત હોવાથી ચોમાસાના ચાર મહિના જ કામ મળતું હતું બાકીના સમયે તેઓએ રોજગારી માટે બહાર ગામ જવું પડતું હતું. ઘણા લોકો એવા હતા કે જે કપરાડા તાલુકામાં ચાલતી હોટલોમાં રસોઈ બનાવવા માટે જતા તેમજ વાહન ચાલક તરીકે પણ જતા હતા. મોટા ભાગના લોકો તાલુકા અને જીલ્લા બહાર સ્થળાંતર કરતાં હતા. બહાર ગામ જે કામ માટે જતા તેમાં લાકડા કાપવા, બાંધકામ અને ભાંગતોડ માટે જતા હતા. ૧ ટન લાકડા કાપવાની મજુરી ૭૦૦ રૂપિયા મળતી હતી. અને બાંધકામ માટેની મજુરી ૩૦૦ થી ૪૦૦ રૂપિયા મળતી હતી. મોટાભાગના મકાનો અર્ધપાકા અને કાચા જોવા મળે છે. ચંદવેગણ ગામ કરતાં કપરાડામાં આંતરમાળખાકીય સુવિધાઓ વધારે જોવા મળતી હતી. કારણ કપરાડા એ તાલુકાનું સ્થળ હોવાથી. આ વિસ્તારમાં ધીરે ધીરે શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. જે કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હોય તે કુટુંબના બાળકો ધરમપુર, વલસાડ, સુરત અને અમદાવાદ સુધી અભ્યાસ માટે જતા જોવા મળે છે. નજીકમાં વાપીમાં ફેકટરીઓ હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓ ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરી આઈ.ટી.આઈ કરી કંપનીમાં કામ માટે જતા રહે છે આથી ઉચ્ચ શિક્ષણમાં જતા વિદ્યાર્થીઓનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તમામ પાકોનું ઉત્પાદન તેઓ ઘર વપરાશ માટે કરે છે બહુ ઓછું ઉત્પાદન તેઓ બજારમાં વેચવા માટે મોકલે છે. તેઓ વાડી યોજના સાથે જોડાયેલ હોવાથી કાજુની વાડી, કેરીની વાડી, સીતાફળ અને શાકભાજી કરતાં જોવા મળે છે અને તેમાંથી આવક મેળવે છે. જમીનનું પ્રમાણ જોઈએ તો ૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર ૫૦%
જોવા મળ્યા હતા. ખર્ચ વિષયક માહિતી જોઇએ તો તેઓ અનાજ અને શાકભાજી પાછળ બહુ ઓછો ખર્ચ કરતાં અને વસ્ત્ર પગરખા તેમજ સામાજિક ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. તેમજ શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતો હતો.

સંસ્થા સાથે જોડાયા પછી ખેડૂતની આર્થિક સ્થિતિમાં પરિવર્તન જોવા મળે છે. ખેડૂતો નાગલી, તુવેર, અડદ, ડાંગર ઉપરાંત કાજુની વાડી, કેરીની વાડી, સીતાફળની વાડી અને શાકભાજીનું વાવેતર કરતાં થયા છે. સંસ્થા તરફથી સુધારેલ બિયારણ મળતું હોવાથી ખેત ઉત્પાદનમાં વધારો થતો જોવા મળે છે. સંસ્થા તરફથી દવાઓ અને ખાતરો સસ્તા ભાવે મળતી હોવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો સામે આવકમાં વધારો થયો છે આથી તેમની આર્થિક પરિસ્થિતિ અને જીવનધોરણમાં સુધારો જોવા મળે છે. સંસ્થા પિયત માટે કુવાઓ અને ચેકડેમ પણ બનાવી આપે છે આથી પિયતમાં વધારો થયો છે જેથી ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. આ ઉપરાંત ખેડૂતોને નાણાકીય સહાય મળતી હોવાથી બહારથી વ્યાજે નાણા લેવા પડતા નથી. આમ સંસ્થા સાથે જોડાયા પછી તેમની સ્થિતિમાં સુધારો થતો જોવા મળે છે.

### ૩) બાયફની I.L.D. યોજનાનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ તાપી જીલ્લાના સોનગઢ તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. બોરકુવા, ચકવણ અને ટોકરવા ગામના કુલ ૩૫ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે.

આ સંસ્થામાં જોડાયા પછી કુટુંબને પશુઓ ખરીદવા માટે લોન કે ધિરાણ આપવામાં આવે છે. પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા, ખોરાક, રસીકરણ, દવાઓ, કૃત્રિમ બીજદાન વગેરેની સુવિધાઓ ઓછા વળતરે સંસ્થા તરફથી આપવામાં આવી. તમામ કુટુંબો અનુસુચિત જનજાતિ કુટુંબના જોવા મળે છે. તેમજ APL કરતાં BPL નું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સયુક્ત કુટુંબ પ્રથા જોવા મળે છે. ૩૪% કુટુંબોમાં પાકા મકાન જોવા મળ્યા જ્યારે અન્ય કુટુંબ કાચા અને અર્ધપાકા મકાનો જોવા મળ્યા અને તમામ મકાનો વ્યક્તિની પોતાની માલિકીના હતા. સ્થળાંતર કરનાર કુટુંબનું પ્રમાણ ઓછું જોવા મળે છે. મજુરી માટે અથવા કંપનીમાં નોકરી માટે તાલુકા બહાર અને જીલ્લા બહાર સ્થળાંતર કરતાં જોવા મળે છે. આ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન જોવા મળે છે જ્યારે ગૌણ વ્યવસાયમાં મજુરી, નોકરી અને ધંધો જોવા મળે છે. કુટુંબમાં ટેબલ, પંખો, ખુરશી, LPG અને મોબાઈલ જોવા મળે છે. ૩૫ કુટુંબો પૈકી ૨૫ કુટુંબો જમીન ધરાવે છે જ્યારે ૧૦ કુટુંબો પાસે જમીન નથી. જે કુટુંબ પાસે જમીન છે તેમાં પણ બિન પિયત જમીન વધારે જોવા મળે છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### 4.4.5 આનંદી સંસ્થા

### ૧). આનંદી સંસ્થા ના લાભાર્થીઓનો અભ્યાસ:

આ અભ્યાસ દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના ગામ આંકલી ગામને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં બાગાયતી પાક લેતા અને બિન બાગાયતી પાક લેતા કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. જેમાં ૭ કુટુંબો બાગાયતી પાક સાથે જોડાયેલ અને ૨૫ કુટુંબો બિન બાગાયતી પાક સાથે જોડાયેલ છે. આ કુટુંબો આનંદી સંસ્થાનાં માર્ગદર્શન હેઠળ બાગાયતી પાક હેઠળ જોડાયેલ છે. ૩૨ કુટુંબોનો અભ્યાસ કર્યો જેના મુખ્ય તારણો નીચે મૂજબ જોવા મળે છે.

પસંદ કરેલ કુટુંબો પૈકી BPL કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. ૩૨ કુટુંબો પૈકી ૩૦ કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે. પસંદ કરેલ ઉત્તરદાતાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં સ્થળાંતરનું પ્રમાણ ૭૧% જોવા મળે છે. લોકો ગામમાંથી જીલ્લા બહાર સ્થળાંતર કરતાં હોય તેનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૯૩% કુટુંબો પોતાની માલિકી ધરાવે છે. મોટાભાગના કુટુંબો અર્ધપાકા મકાનો ધરાવે છે. ગામમાં પાકા રસ્તા, વિજળી, પ્રાથમિક શાળા, વાહન વ્યવહારની સુવિધા અને પીવાનું પાણી વગેરે માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થાય છે. કુટુંબની સભ્ય સંખ્યા વધારે જોવા મળે છે. કુટુંબમાં જીવન જરૂરીયાતની વસ્તુઓ જોવા મળે છે જ્યારે મનોરંજનની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે માધ્યમિક શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આગળ

અભ્યાસ નાં કરવા માટે સામાજિક કારણો સૌથી વધુ જવાબદાર છે. કુટુંબની આવકમાં ૧ લાખથી નીચેની આવક હોય તેવાં કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૧૦ વિઘા સુધી જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે તેનાથી વધારે જમીન ધરાવનારનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે ગામમાં સામાજિક પ્રસંગો પાછળ વધુ ખર્ચ થતું જોવા મળે છે.

## ૨). આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ પિયત મંડળીના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસમાં ૨ ગામની પસંદગી કરવામાં આવી છે રૂપારેલ અને ખાંડનિયા. જેમાં કુલ 41 કુટુંબોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં રૂપારેલ ગામના ૨૮ અને ખાંડનિયા ગામના ૧૩ કુટુંબની પસંદગી કરવામાં આવેલ છે.

આ અભ્યાસના મુખ્ય તારણો જોઈએ તો પસંદ કરેલ કુટુંબમાં ૮૭% કુટુંબો BPL આર્થિક દરજ્જો ધરાવે છે. સયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. આ વિસ્તારમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે  જેમાં પસંદ કરેલ કુટુંબમાં ૯૦% કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે. સ્થળાંતર માટેનું મુખ્ય કારણ એ છે કે ગામમાં પુરતા પ્રમાણમાં રોજગારી મળતી નથી. સ્થળાંતર કરે છે તે કુટુંબનાં બધા સભ્યો સ્થળાંતર કરતાં નથી પરંતુ જે કમાય શકે તેવા ૧ થી ૨ સભ્યો કામ માટે સ્થળાંતર કરે છે. તેઓ મોટાભાગે તાલુકા બહાર સ્થળાંતર કરતાં જોવા મળે છે. પસંગ કરેલ કુટુંબો પૈકી 82% કુટુંબના મકાનો અર્ધપાકા જોવા મળે છે. કુટુંબમાં જરૂરી સુવિધા માટેનાં સાધનો પુરતા પ્રમાણમાં જોવા મળે છે જ્યારે LPG ગેસ, T.V. અને ફ્રીજ જેવા સાધનો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે પરંતુ આ ઉપરાંત મોટા ભાગના કુટુંબો મજુરી કરતાં જોવા મળે છે. જમીન તમામ કુટુંબો પાસે છે જેમાં ૧ થી ૬ વિઘા જેટલું જમીન કાદ જોવા મળે છે. તેમજ ૫૦ % થી વધારે જમીન પિયત જોવા મળે છે જ્યારે બિન પિયત જમીનનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ખેતીમાં વાવેતર થતાં બિયારણોમાં દેશી બિયારણોનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે તેથી તેમની ઉત્પાદકતા નીચી જોવા મળે છે. હાઈબ્રીડ અને સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરતાં કુટુંબોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

પિયત મંડળીના લીધે તેઓ જે એક સિઝનમાં ખેતી કરતાં તેના બદલે ૨ સીઝન ખેતી કરતાં થયા છે અને ૩ સીઝન ખેતી કરતાં કુટુંબોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પિયત મંડળીના કારણે તેમના ખેતરમાં ઉત્પાદનનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત જરૂરી ઉત્પાદન કરતાં વધારાનું ઉત્પાદનનું તેઓ બજારમાં વેચાણ કરે છે. જે લોકો માત્ર ચોમાસામાં ખેતી કરતાં તેઓ શિયાળામાં અને ઉનાળામાં પણ ખેતી કરતાં થયા છે. આમ સિંચાઈ મંડળી સાથે જોડાવાથી તેમના ખેત ઉત્પાદનમાં વધારો થયો છે કારણ મંડળી સાથે જોડાયા પછી સેન્દ્રીય ખાતર અને હાઈબ્રીડ બિયારણનો ઉપયોગ કરતાં થયા છે.

## ૩) આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત બિયારણ બેન્કના લાભાર્થીનો આર્થિક અભ્યાસ (દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના પાસિયાસાલ ગામને કેન્દ્રમાં રાખીને)

આ અભ્યાસમાં પાસિયાસાલ ગામના ૨૦ કુટુંબો કે જે બિયારણ બેંક સાથે જોડાયેલ છે તેવા કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. ગામમાં BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનું પ્રમાણ ૭૫% જોવા મળ્યું હતું. ગામમાં ગરીબીનું પ્રમાણ વધારે જોવા મળેલ હતું. ગામમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. માત્ર ૩ કુટુંબોને બાદ કરતાં તમામા કુટુંબોમાં સ્થળાંતર થતું જોવા મળે છે. તેમાં પુરુષો મોટા ભાગે સ્થળાંતર કરે છે સ્ત્રીઓ બાળકોની સાચવે છે તેમજ વન પેદાશો લાવી તેનું વેચાણ કરી આવક મેળવે છે. તેઓ જંગલમાંથી વનપેદાશો મેળવી તેનું છૂટક વેપારીઓ પાસે વેચાણ કરે છે. વન પેદાશોમાં ખેરનો ગુંદર, ધાવડાનો ગુંદર, બાવળીયાનો ગુંદર, તલશી, લાકડાં, ગરમાળાની સીંગો વગરે. સ્થળાંતર માટેનું મુખ્ય કારણ એ છે કે તેમની પાસે જમીનનું પ્રમાણ ઓછું જોવા મળે છે અને જેટલી જમીન છે તેમાં પણ પિયતની સુવિધા જોવા મળતી નથી આથી પુરતા દિવસો તેમને ખેતીમાંથી કામ મળતું નથી જેથી ખેતીનું કામ પૂરું થતાં પુરુષ સભ્યો બહાર ગામ અથવા શહેરમાં કામ માટે સ્થળાંતર કરતાં જોવા મળે છે. જેમાં મુખ્યત્વે કડીયાકામ, સેન્ટીંગ કામ, ખેતીકામ અને કંપનીઓમાં કામ કરે છે. ગામમાં મોટા ભાગના કુટુંબના મકાનો કાચા અને અર્ધપાકા જોવા મળેલ છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે તેમાં પણ છોકરાઓ કરતાં છોકરીઓમાં ઓછું જોવા મળે છે. છોકરીઓ મોટાભાગે ગામમાં જ્યાં સુધી શાળા હોય ત્યાં સુધી ભણે છે પછી ઘરકામ અને ખેતી કામમાં જોડાય જાય છે. છોકરાઓ પણ ઉચ્ચ અભ્યાસમાં ઓછા જોવા મળે છે જેમાં મુખ્ય કારણ એ હતું કે કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથે તેઓ પોતાના બાળકોને આગળ અભ્યાસ માટે મોકલી શકતા ના હતા. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે અને કુટુંબની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. ગૌણ વ્યવસાયમાં જોઈએ તો હોટેલમાં કામ કરવા જતા લોકોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. કુટુંબ પાસે જમીનનું પ્રમાણ ૧૦ વીઘાથી ઓછું જોવા મળે છે. તેમજ પિયતની સુવિધા ખુબ માર્યાદિત હતી કારણ કે જમીન ટેકરાવાળી હોવાથી સિંચાઈની સુવિધા ઓછી હતી. કુટુંબની ખર્ચ વિષયક માહિતી તે લોકો જોડે નહોતી. પણ વાતચીત કરતાં જાણવા મળ્યું કે તેમની મોટાભાગની આવક ખર્ચ થઇ જતી હતી. તેમાં પણ શિક્ષણ પાછળ બહુ ઓછો ખર્ચ થતો જોવા મળે છે. જ્યારે સામાજિક ખર્ચનું પ્રમાણ વધારે હોય એવું જાણવા મળ્યું.

આનંદી સંસ્થા સાથે તેઓ તેની સ્થાપનાથી જોડાયેલ છે. આનંદી સંસ્થા સાથે જોડાયા પછી બહેનો પોતે પગભર થઇ છે. બેંક બિયારણ સંસ્થા પાસેથી બિયારણ મેળવી પોતાના ખેતરમાં વાવેતર કરી ખેત ઉત્પાદનમાં વધારો થયેલ જોવા મળ્યો છે. સંસ્થા દ્વારા વર્મીકમ્પોસ્ટ બનાવવામાં આવે છે અને તે ખેડૂતોમાં વિતરણ કરવામાં આવે છે જેથી તેમના ઉત્પાદનમાં વધારો થયો છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા કુવાઓ અને ચેકડેમ બનાવી

આપ્યા છે જેથી પિયતની સુવિધા ઉપલબ્ધ થતાં ઉત્પાદન વધ્યું છે. આમ ઉત્પાદન વધતાં તેમની આવક વધી છે અને આવક વધતા શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેમજ તેમના જીવનધોરણમાં સુધારો થયો છે.

## ૪) આનંદી સંસ્થા દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ વરસાદી પાણીના સંગ્રહણ ટાંકાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ.

આ અભ્યાસ દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના અને પંચમહાલ જીલ્લાનાના ઘોઘંબા તાલુકાના ૬ ગામોને કેન્દ્રમાં રાખીને છે.

આ અભ્યાસમાં દેવગઢ બારિયા તાલુકાના ૧૧ કુટુંબો અને ઘોઘંબા તાલુકાના ૨૧ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. પસંદ કરેલ ૬ ગામો(ગલીબીલી, આમલી પાણી છોતરા, કાશટિયા, મુલ્લાકુવા, નાથકુવા અને ખરખડી) છે. આ અભ્યાસમાં નીચેના તારણો જાણવા મળ્યા. પસંદ કરેલ કુટુંબોમાં BPL કુટુંબો ૭૯% જોવા મળે છે. આ વિસ્તારમાં સયુક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ વધારે જોવા મળે છે. જે કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે તેના કુટુંબના બધા જ સભ્યો નહિ પરંતુ ૧/૨ સભ્યો સ્થળાંતર કરતાં જોવા મળે છે. જે લોકો રોજગારી માટે બહાર જાય છે તેમાંથી મોટા ભાગના લોકો સૌરાષ્ટ્ર અને સુરતમાં કામ માટે જાય છે. વડોદરામાં જતા લોકોનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. ૭૮% કુટુંબો એવા જે પોતાનું મકાન કાચું ધરાવે છે. બહુ ઓછા કુટુંબો છે જે પાકું આવાસ ધરાવે છે. ૫૦% કુટુંબો એવા છે જેમને GFL કંપનીના લીધે જમીનનો બગાડ અને ટેકરાવાળી જમીનના લીધે યોગ્ય પીવાનું પાણી મળતું નથી. કુટુંબમાં મોબાઈલ જોવા મળે છે પરંતુ અન્ય મોધી ચીજ વસ્તુઓ અને ભૌતિક સુખ સગવડની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. શિક્ષણમાં જોઈએ તો નિરક્ષર અને પ્રાથમિક શિક્ષણ મેળવેલ વધારે જોવા મળે છે જ્યારે ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ઓછું જોવા મળે છે. ઓછું શિક્ષણ મેળવવું તેમજ વચ્ચેથી અભ્યાસ છોડી દેવો તે માટેનું મુખ્ય કારણ એ જાણવા મળ્યું કે તેમની આર્થિક પરિસ્થિતિ સારી નાં હતી. તે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે અને ખેતી સિવાય ગૌણ વ્યવસાયમાં મોટાભાગના લોકો મજુરી કરતાં જોવા મળે છે. જમીનનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. ૫૦% વધારે કુટુંબો માત્ર ૧ થી ૨ વિઘા જમીન ધરાવે છે. ઓછી જમીન અને તેમાં પણ બિન પિયત જમીન ધરાવે છે. તે લોકો પાસે ખર્ચ અંગેની માહિતી ઉપલબ્ધ નાં હતી પરંતુ અંદાજીત તેઓ ૫ હજારથી વધારે છે એવું જાણવા મળ્યું. પોતાની જરૂરીયાત માટેનું અનાજ અને શાકભાજી તેઓ જાતે ઉત્પાદન કરે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. વરસાદી ટાંકા જે બહેનોને મળેલ છે તેમાંથી ૫૫% સગર્ભા બહેનો છે. જેમને ટાંકા બનાવવાથી પાણીની સુવિધા ઉપલબ્ધ થઇ અને સમયનો બચાવ થયો.

### 4.4.6 સર્વોદય સંસ્થા (બંધપાળા અને લેવલીંગ યોજનાના લાભાર્થીનો આર્થિક અભ્યાસ)

**(૧)**

આ અભ્યાસ વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના ચવરા અને પૈખેડ ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૩૮ કુટુંબની મુલાકાત લેવામાં આવી છે. જેમાં ચવરા ગામના ૨૪ અને પૈખેડા ગામની ૧૪ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

આ અભ્યાસમાં જે કુટુંબો પસંદ કરવામાં આવેલ છે તેમાંથી BPL કુટુંબનું પ્રમાણ વધારે છે. તમામ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે આ ઉપરાંત અન્ય વ્યવસાય સાથે પણ જોડાયેલ જોવા મળે છે જેમાં દુકાનો ચલાવવી, વાહન ચલાવવું વગેરે. આ ઉપરાંત છૂટક મજુરીનું પ્રમાણ વધુ જોવા મળે છે. જે પણ કુટુંબના વડાની મુલાકાત લીધી અથવા જે પણ ઉત્તર આપનાર ઉત્તરદાતા છે તેમાંથી ૫૦% ઉત્તરદાતા અભણ જોવા મળે છે. જ્યારે માધ્યમિક શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે જે માત્ર ૫% જ જોવા મળે છે. કુટુંબમાં સયુક્ત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘરમાં ભૌતિક સુખ સુવિધાની વસ્તુનું પ્રમાણ ઓછું જોવા મળે છે. મકાનના સંદર્ભમાં જોઈએ તો કુટુંબના મોટાભાગના મકાનો અર્ધપાકા જોવા મળે છે. કુટુંબના સભ્યોની વાર્ષિક આવક બહુ ઓછી જોવા મળે છે. કુટુંબમાં અનાજ અને કઠોળ પાછળ થતાં ખર્ચ કરતાં સામાજિક પ્રસંગ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધુ જોવા મળે છે.

**(૨) સર્વોદય સંસ્થાના બંધપાળા અને જમીન સમથળનાં લાભાર્થી કુટુંબોનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના બે ગામ (ચૌવરા અને પૈખેડા)ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાંથી ૫૦ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. તમામ કુટુંબો અનુસુચિત જનજાતિના જોવા મળે છે. તેમજ વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૯૦% કુટુંબો એવા છે જે BPL રેશનકાર્ડ ધરાવે છે. આ કુટુંબમાં સ્થળાંતરનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમાં ૯૪% કુટુંબો એવા છે જે ૫ વર્ષથી સ્થળાંતર કરતાં જોવા મળે છે. જમીનનું પ્રમાણ જોઈએ તો ૯૦% કુટુંબો એવા છે જેમની પાસે ૧ થી ૧૫ વિધા સુધી જમીન ધરાવે છે. ૭૦% કુટુંબો એવા છે જેમના મકાનો અર્ધપાકા જોવા મળે છે. ૧૦% કુટુંબો એવા છે જેઓ પાકા મકાનો ધરાવે છે. બાકીના કુટુંબો કાચા મકાન ધરાવે છે. ૬૪% ઉત્તરદાતા અભણ જોવા મળે છે. કુટુંબની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે અને ગૌણ આવકનો સ્રોત મજુરી છે. તેમજ છૂટક મજુરીમાંથી વધારે આવક પ્રાપ્ત થતી જોવા મળે છે. અન્ય ખર્ચની સરખામણીમાં શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતું જોવા મળે છે. વપરાશી વસ્તુઓ પાછળ વધારે ખર્ચ થતું જોવા મળે છે.

### 4.4.7 મિશન મંગલમ યોજના અંતર્ગત સખીમંડળની લાભાર્થી મહિલાઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા તાલુકાનાં માહાલપાડાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં કુલ 22 કુટુંબની મુલાકાત લેવામાં આવેલ છે. જેમાં ૧૨ કુટુંબો આહવા તાલુકાના પટેલ પાડા ફળિયાના અને ૧૦ કુટુંબો મહાલપાડા ગામના જોવા મળે છે. આ કુટુંબમાંથી ૧૨ કુટુંબો એવા હતા જે APL રેશનકાર્ડ ધારક હતા. ૧ કુટુંબને બાદ કરતાં તમામ કુટુંબો વિભક્ત જોવા મળે છે. ૬ કુટુંબો એવા હતા જેઓ સ્થળાંતર કરતાં હતા. કુટુંબના મુખ્ય વડા કે જે ઉત્તરદાતા છે તેમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. કૌટુંબિક બાબતોમાં શિક્ષણ જોઈએ તો પુરુષો કરતાં સ્ત્રીઓમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. મોટાભાગની જમીન બિન પિયત જોવા મળે છે. અર્ધપાકા મકાનોનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેઓ પાસે સાયકલ, મોટર સાયકલ અને મોબાઈલનું પ્રમાણ વધુ જોવા મળે છે. અનાજ અને કઠોળ પાછળ ઓછું ખર્ચ કરે છે જ્યારે શિક્ષણ અને સામાજિક ખર્ચ વધારે જોવા મળે છે. આ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે જ્યારે ગૌણ વ્યવસાયમાં તેઓ સખી મંડળની કેન્ટીન ચલાવે છે. કુટુંબનું માસિક ખર્ચ ૫ થી ૬ હજાર જોવા મળે છે. મહિલા સખી મંડળમાં જોડાયા પહેલા મોટાભાગના લોકો ઘરકામ અને જંગલમાંથી લાકડા કાપી લાવતા તેમજ બિન ખેતી ક્ષેત્રે રોકાયેલા હતા.

### 4.4.8 સેવાધામ ટ્રસ્ટની નાગલીની બનાવટો તથા મશરૂમ ખેતીના લાભાર્થી કુટુંબોનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા અને સુબીર તાલુકાના ૩ ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. ૩ ગામો જેમાં મુલચોંડ ગામમાંથી ૧૨ કુટુંબો, જામન્યા ગામમાંથી ૧૧ કુટુંબો અને ધવલીદોડ ગામમાંથી ૧૧ કુટુંબો આમ કુલ ૩૪ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

પસંદ કરેલ કુટુંબમાંથી BPL આર્થિક વર્ગ ધરાવનાર કુટુંબનું પ્રમાણ વધારે છે. કુટુંબની આવક જોઈએ તો સંસ્થા દ્વારા જે નોકરીમાંથી આવક મળે છે તેમજ ખેતી, પશુપાલન અને છૂટક મજુરી દ્વારા આવક પ્રાપ્ત કરે છે. મહિલાઓ દ્વારા જે આવક મળે છે તે મોટા ભાગે અનાજ પાછળ થતાં ખર્ચ અને મોજ શોખની વસ્તુઓ પાછળ જ વપરાય જાય છે. ખેતીમાંથી મળતી આવકનું પ્રમાણ વધારે છે. સંસ્થામાં જોડાયા પછી તેમના જીવનધોરણમાં થોડા અંશે સુધારો થયો છે. તેમના મકાનોનું પ્રમાણ કાચું વધારે જોવા મળે છે જ્યારે પાકા મકાનો બહુ ઓછા જોવા મળે છે.

### 4.4.9 ફુડ પ્રોસેસિંગ કેરી યુનિટ સાથે જોડાયેલ ખેડૂતોનો આર્થિક અભ્યાસ

૧) આ અભ્યાસ છોટાઉદેપુર જીલ્લા અને તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને છે. આ અભ્યાસમાં કુલ ૩૫ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેની મુખ્ય બાબતો આ મુજબ છે. પસંદ કરેલ કુટુંબમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. BPL રેશનકાર્ડ

ધારકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. શિક્ષણ જોઈએ તો સ્ત્રીઓ કરતાં પુરુષોમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબોમાં પાકા મકાનોનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે અર્ધપાકા અને કાચા મકાનોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ કુટુંબમાં મોટાભાગના કુટુંબો સ્થળાંતર કરતાં જોવા મળે ચી જેમાં તેઓ તાલુકા બહાર વધારે જતા જોવા મળે છે. ભૌતિક સુખ સગવડની વસ્તુઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબની માથાદીઠ આવક ૫ હજારથી વધારે જોવા મળે છે. જમીન ધરાવે છે પરંતુ તેમાં પિયતની સુવિધા ઉપલબ્ધ નથી. વપરાશી ખર્ચમાં તેઓ કાપડ અને પગરખા પાછળ વધુ ખર્ચ થતું જોવા મળે છે.

૨) આ અભ્યાસ છોટાઉદેપુર જીલ્લા અને તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને છે. જેમાં કુલ ૩૫ કુટુંબનો અભ્યાસ કરેલ છે. પસંદ કરેલ કુટુંબોમાં મોટાભાગના કુટુંબો અનુસુચિત જનજાતિનાં જોવા મળે છે. જેમાં આર્થિક રીતે પછાત કુટુંબોનો જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. પાકા અને અર્ધપાકા મકાનો ઓછા જોવા મળે છે જ્યારે કાચા મકાનોનું પ્રમાણ વધુ જોવા મળે છે. મકાનો પોતાની માલિકીના જોવા મળે છે. આ કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અનાજ અને કઠોળ પાછળ ઓછુ ખર્ચ જોવા મળે છે કારણ તે પોતે ઉત્પાદન કરે છે જ્યારે વપરાશી ખર્ચ વધુ જોવા મળે છે.

### 4.4.10 કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ

૧) આ અભ્યાસ ડાંગ જીલ્લાના સુબીર તાલુકાના ખાંભલા, આમસરપાડા અને બીજુરપાડા ગામને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલ છે. જેમાં ૨૭ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. પસંદ કરેલ કુટુંબ પૈકી 22 કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. કુટુંબના સભ્યોમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ૨૭ કુટુંબો પૈકી ૧૫ કુટુંબો એવા છે જે પાકું મકાન ધરાવે છે આમ BPL કુટુંબો હોવા છતાં પાકા મકાનનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબમાં ભૌતિક સુખ સગવડની વસ્તુઓમાં મોબાઈલ. ટી.વી., ટેબલ ખુરશી, મોટર સાયકલ વગરે વધારે જોવા મળે છે જ્યારે ફ્રિજ અને કમ્પ્યુટર જેવી વસ્તુઓ ઓછી જોવા મળે છે. ૧૪ થી ૩૫ વર્ષની વય જૂથમાં શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તમામ કુટુંબો પાસે જમીન જોવા મળે છે અને પિયતની સુવિધા ઉપલબ્ધ જોવા મળે છે. દરેક કુટુંબનું માસિક ખર્ચ ૫ થી ૬ હજાર જોવા મળે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાથે જોડાયા પહેલા પણ ખેતી જ કરતાં અને જોડાયા પછી પણ ખેતી જ કરે છે પરંતુ તેમાં જોડાયા બાદ તેમના જીવનધોરણમાં સુધારો જોવા મળે છે.

### ૨) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા તાલુકાના મોટાચર્યા અને લહાન્યાર્ય ગામને કેન્દ્રમાં

રાખીને કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૯ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. ગામમાં BPL કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબમાં વરાશી વસ્તુઓ પાછળ વધારે ખર્ચ જોવા મળે છે તેમજ સામાજિક પ્રસંગો પાછળ પણ વધારે ખર્ચ જોવા મળે છે અન્ય ખર્ચની તુલનામાં શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતું જોવા મળે છે. મોટાભાગના કુટુંબો જમીન ધરાવે છે પરંતુ બિન પિયત જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**4.5 ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં પ્રારંભમાં સાબરકાંઠા જીલ્લાના આદિવાસી તાલુકાઓની વિવધ આર્થિક સમસ્યાઓ અને તેના નિવારણ માટેના પગલાઓની ચર્ચા કરવામાં આવી છે. ત્યાર બાદ વિકાસના વિવિધ એજન્ટ તરીકે NGO, સ્વૈચ્છિક સંસ્થાઓ સહકારી પ્રવૃતિ દ્વારા કેવા પ્રયત્નો કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે. સરકારી તંત્રની વિવિધ મર્યાદાઓ સરકારી તંત્રને યોગ્ય પરિણામો નીપજાવામાં બાધારૂપ સાબિત થાય છે. વળી વિકાસ પ્રક્રિયાની વિવિધ જરૂરિયાતો સરકારી તંત્ર દ્વારા કાર્યક્ષમતા સાથે સમયસાર પૂરી કરવી ઘણું અઘરું કામ સાબિત થતું હોય છે. વૈકલ્પિક રીતે સમયબદ્ધ જો કાર્યક્ષમતા સાથે અન્ય એજન્ટો દ્વારા જો વિકાસ પગલાઓ પરિણામો આપી શકતા હોય તો તેવા વિકાસ એજન્ટો હમેશા આવકારદાયક છે. આમ સાબરકાંઠા જીલ્લાના આદિવાસી સમુદાયોમાં આર્થિક વિકાસ માટે સરકાર અને બિનસરકારી જે તે અનુકુલન ધરાવતા પગલાઓ વૈકલ્પિક રીતે વિચારી શકાય છે.

# પ્રકરણ-5
# સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિકાસ માટેનું કાર્ય આયોજન



| | **વિષય** | **પાનક્રમાંક** |
|---|---|---|
| 5.1 | પ્રસ્તાવના | 62 |
| 5.2 | વિવિધ ક્ષેત્ર વાર કાર્ય-આયોજન | 62 |
| 5.3 | ભલામણો અંતર્ગતનું દ્રષ્ટીબિંદુ | 64 |
| 5.4 | ઉપસંહાર | 66 |

# પ્રકરણ-5

## સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિકાસ માટેનું કાર્ય આયોજન

**5.1 પ્રસ્તાવના:**

વિવિધ જિલ્લાઓ અને પ્રદેશોને પ્રારંભમાં અભ્યાસ કરી સમજવા અને જે તે પ્રદેશને પોતાની ખાસિયતો અને તેની પોતાની આગવી જરૂરિયાતોને ઓળખવા માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા દરમિયાન જિલ્લાના આદિવાસીઓનું આર્થિક વિકાસ દર્શન કયા સ્વરૂપનું હોઈ શકે? જિલ્લાના આદિવાસીઓ માટેનો આર્થિક વિકાસ દર્શન અંતર્ગત એક્શન પ્લાન શું હોઈ શકે વગેરે જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ ચર્ચા કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે અહીં આ અહેવાલ સાબરકાઠા જિલ્લા માટે રજૂ કરેલ છે. આ અહેવાલ સાબરકાઠા જિલ્લાના આદિવાસીઓ માટે પ્રાદેશિક સ્તરે જે જિલ્લાની ખાસિયતો અનુસાર આદિવાસી વિકાસ માટે આગવી જરૂરિયાત જરૂરી છે તેની ચર્ચા કરે છે. અહેવાલમાં સમાવિષ્ટ થયેલી જો કોઈ એક બાબત સમગ્ર આદિવાસી આર્થિક વિકાસ માટે અનિવાર્ય હશે તો તેની ચર્ચા ગુજરાત રાજ્યના સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં પણ સમાવેશ થયેલી હશે.

**5.2 વિવિધ ક્ષેત્ર વાર કાર્ય-આયોજન:**

**કૃષિક્ષેત્રના વિકાસ દ્વારા આદિવાસી આર્થિક ઉત્થાન માટેની ભલામણો:**

5.1 રોકડિયા પાકો માં આદિવાસી આવક વૃદ્ધિ માટેના પ્રયત્નો સરકાર દ્વારા રોકડિયા પાકો માટે પ્રોત્સાહન આપની આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી .:

5.2 પરંપરાગત કૃષિ પાક માં આદિવાસી ખેડૂતો દ્વારા ઈચ્છનીય કૃષિ રૂપાંતરણ પ્રક્રિયા માટે માટે પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી:

5.3 આદિવાસી જમીન વિસ્તારમાં સિંચાઈ સુવિધા વૃદ્ધિ ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની સિંચાઈ સુવિધાઓનો વિકાસ અને વિસ્તાર કરી શકશે.

5.4 જમીન નવસાધ્ય અને જમીન ઉત્પાદકતા વધારવા માટેના ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી વિવધ પ્રદેશવરની આદિવાસી માટેની વિવિધ વિકલ્પો સહિતની યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની પદ્ધતિ અપનાવી જમીન નવસાધ્ય કરી શકશે.

5.5 આદિવાસી ખેત-ઉત્પાદનો ના વેચાણ પ્રશ્નો અને નિવારણસરકારે પ્રત્યક્ષ રીતે હસ્તક્ષેપ કરવો પડશે અને આદિવાસી સમાજને ખેત પેદાશમાં અનુભવ થતી શોષણ પ્રક્રિયાઓ માંથી મુક્તિ અપાવવી પડશે.

5.6 આદિવાસી ખેડુત સહકારી મંડળી નિર્માણ ની પ્રક્રિયા માટે આદિવસી વિસ્તારોમાં અલાયદા પ્રોત્સાહન આપવા પડશે. :

5.7 અંતરિયાળ પ્રદેશના આદિવાસી ખેડૂતોના વિશિષ્ટ પ્રશ્નો& નિવારણ જે તે પ્રશ્નના સ્વરૂપ ણે સમજીને તે સંદર્ભના નિષ્ણાતો ની મદદ થી સર્જન કરવા પડશે. :

5.8 આદિવાસી ખેડૂતો દ્વારા આધુનિક ખેતીના પ્રયોગો ના વિકાસ માટેના પ્રોત્સાહન આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની જમીનમાં પોતાની અનુકુળતા મુજબની યોગ્ય આધુનિક સુવિધાઓ વિકાસ કરી આધુનિક ખેતી વિકસાવે આ પ્રકારની આદુનિક ખેતી વિકસાવવા માટે જરૂરી સુવિધાઓનો વિકાસ અને વિસ્તાર સ્થાનિક કક્ષાએ આદિવાસી પ્રદેશમાં કરવાથી આધુનિક ખેતીને પ્રોત્સાહિત કરી શકશે. આ મતે બિનપરંપરાગત કૃષિ પ્રયોગો અને સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂત નો વિકાસ થાય તે માટે પ્રત્યક્ષ પગલા લેવા અનિવાર્ય છે.

6. ઔદ્યોગિક ક્ષેત્રમાં આદિવાસી શ્રમિકોની ઉત્પાદકતા વૃદ્ધિના પ્રયત્નો

6.1 માનવ સંસાધન વિકાસ અને આદિવાસી શ્રમિકોની ઉત્પાદકતા વિકાસ માટેના પ્રોત્સાહન ઉભા કરવા અનિવાર્ય છે આદિવાસી ણે વિવધ તાલિમ આપતી આદિવાસી માટેની ખાસ યોજનાઓ અને તાલિમ શિબિરો અમલમાં મુકવી જેના દ્વારા આદિવાસી પોતાની પોતાની અનુકુળતા મુજબની તાલિમ સુવિધાઓનો લાભ મેળવી પોતાના કોશલ્યનો વિકાસ અને વિસ્તાર કરી શકશે.

6.2 કૌશલ્યવર્ધન કાર્યક્રમ અને આદિવાસી યુવાઓની ભાગીદારી,વિકાસ કરવા માટે યુવાનો ણે ખાસ પ્રકારના પ્રલોભનો અને પ્રોત્સાહનથી આકર્ષવા પડશે.

6.3 શિક્ષણ અને તાલીમ વિકાસ દ્વારા આદિવાસી શ્રમિકની કેળવણી આયોજનના કેન્દ્ર બિંદુમાં રહેલ છે. તેના તરફ ખાસ ધ્યાન આપવું પડશે.

7. સેવા ક્ષેત્ર દ્વારા આદિવાસી યુવાઓમાં સ્વાવલંબન અને સ્વરોજગારી:

7.1 જિલ્લામાં પ્રવાસન ઉદ્યોગ અને આદિવાસી યુવાઓમાં રોજગારી સર્જન ખુબ મોટી શક્યતા ધરાવે છે. આદિવાસી યુવાનો આ શક્યતાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરે તે માટે નું યોગ્ય વાતાવરણ શર્જન કરવું પડશે.

7.2 આધુનિક બજાર ની માંગ અનુસાર ની સેવા માટે આદિવાસી યુવાઓની તાલીમ:આધુનિક બજાર માગ સતત બદલાતી જતી જોવા મળે છે. આદિવાસીને આ માટે કોમ્પુટર અને મહીત્તી સંચાર ક્ષેત્રોમ તાલિમ આપી કેળવવા અનિવાર્ય છે.

7.3 કોમ્પ્યુટર વિજ્ઞાન અને IT- ક્ષેત્રમાં આદિવાસી યુવાઓની ભાગીદારી વિક્શાવવા માટે તેમને આ ક્ષેત્રોમાં આકર્ષવા માટેના પ્રોત્સાહન શર્જન કરવા પડશે.

8. આર્થિક-સામાજિક માળખું(Infrastructure): વિવિધ સમસ્યાઓ અને નિવારણ માટેનું કાર્ય આયોજન સમય બદ્ધરીતે વિચરી તેને વિક્શાવવા માટે અગ્રીમતા ક્રમે કાર્ય કરવું તે આ શાથે ભલામણ કરવામાં આવે છે.
9. આદિવાસીના માનવ વિકાસ આડેના અંતરાયો અને નિવારણ માટેના કાર્ય આયોજન વહેલામાં માં વહેલી તકે હાથ ઉપર લેવા ભલામણ કરવામાં આવે છે. આદિવાસીના માનવ વિકાસ આડેના અંતરાયો યોગ્ય અભ્યાસો દ્વારા ઓળખવા અને યોગ્ય નિષ્ણાતો દ્વારા તેના નિવારણ માટેના આયોજન કરવા ભલામણ છે.

## 5.3 ભલામણો અંતર્ગતનું દ્રષ્ટીબિંદુ:

સાબરકાંઠા જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનના આ હેવાલમાં કરેલ પરિવર્તનો નીચે મુજબના દ્રષ્ટીબિંદુ સાથે ભલામણ કરવામાં આવ્યા છે.

1. સેતુ અભિગમ (Bridging approach):

આદિવાસી આર્થિક વિકાસ દર્શનના હેવાલમાં જે યોજનાઓની ભલામણ કરેલ છે, તે મુખ્યત્વે ખૂટતી કડી સ્વરૂપના પગલાં છે. મોટાં પરિવર્તનો કેટલાક સંજોગોમાં કોઈ નાની પરંતુ પાયાની જરૂરિયાતના અભાવે રોકાય છે. આવા સંજોગોમાં એક નાનું પગલું મોટા પરિવર્તનોનું પ્રથમ પગથિયું બનતું જોવા મળે છે. પ્રસ્તુત હેવાલમાં આવા ખૂટતી કડીરૂપ નાના-નાના પરિવર્તનને ઓળખીને તેના દ્વારા આદિવાસી આર્થિક વિકાસમાં મોટા પાયા ઉપર પરિવર્તનો લાવવા માટેની ભલામણો કરવામાં આવેલ છે.

2. 'નીચેથી ઉપર'નો અભિગમ (Bottom to Top):

પ્રસ્તુત હેવાલનાં સ્વરૂપને/નામને જોતાં જ કહી શકાય કે સમાજમાં તુલનાત્મક રીતે ધીમી ગતિથી વિકાસ પામી રહેલ આ સમૂહને વિકાસની કોઈ આગવી જરૂરિયાતો અનિવાર્ય રીતે પૂરી પાડવી પડશે. આ વિકાસની આગવી જરુરિયાત જાણવા માટે આ સમાજના પ્રત્યક્ષ સંપર્કમાં આવવું અને તેમની માંગ અને મરજી જાણી તેમનું વિશ્લેષણ કરવું, તેમના પ્રશ્નો સમજવા અને તેના નિવારણ માટેના પગલાંની આદિવાસી સમાજમાં સ્વીકૃતિ અંગે ચર્ચા-વિચારણા કરવી અનિવાર્ય બને રહે. ભવિષ્યમાં અંતિમ છેવાડાના માણસની જરૂરિયાત મુજબના સંભવિત સ્વીકૃત પરિવર્તનોનો જ આ હેવાલમાં સમાવેશ (નીતિનિર્ધારક તરીકે ભલામણ) કરવામાં આવેલ છે.

3. માંગ પ્રેરિત (Demand Driven):

પ્રત્યેક આદિવાસી સમૂહ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ આ આર્થિક દર્શન તૈયાર કરેલ

છે. નાના સમૂહો સાથે, છેવાડાના માણસો સાથે ચર્ચા દરમિયાન જણાયું કે સ્થિતિપરિવર્તનમાં કોઈ એક સમાજ કે સમૂહની સ્વીકૃતિ મહત્વની નથી. અન્ય સમૂહવિશેષનાં ન્યાયિક હિતના ભોગે એક સમૂહવિશેષનું હિત હાંસલ થઈ શકે તેવાં પરિવર્તનોને ઇષ્ટ પરિવર્તન નીતિ ન કહી શકાય, પરંતુ સમગ્ર સમાજને સ્વીકૃત પરિવર્તનોની જ ભલામણ કરવામાં આવી છે.

4. ખર્ચ-લાભ વિશ્લેષણ (Cost-Benefit Analysis):

પ્રસ્તુત આદિવાસી આર્થિક વિકાસ દર્શનના હેવાલમાં ભલામણ કરતાં પહેલાં સૂચિત પરિવર્તન પાછળ થનાર ખર્ચ અને આ પરિવર્તન દ્વારા આદિવાસી ઉપેક્ષિત સમાજને થનાર અપેક્ષિત લાભનું સંપૂર્ણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને ન્યૂનત્તમ ખર્ચ સામે ઇષ્ટતમ લાભ આપતા પરિવર્તનોની અહી ભલામણ કરવામાં આવી છે.

5. વર્તમાન સમય-સંજોગોમાં સંભવિતતા (Feasibility):

વર્તમાન સમય-સંજોગોમાં પરિવર્તનની સંભાવના ભલામણની સાર્થકતા દર્શાવે છે. જો ભલામણપાલન વર્તમાન સમય-સંજોગોમાં અસંભવિત હોય, મોટાં મૂડીરોકાણો અને મોટાં પરિવર્તનો ભલામણના પાલનને અવાસ્તવિક બનાવતા હોય તેવી ભલામણોને આ હેવાલમાં અવગણવામાં આવી છે. અને માત્ર વર્તમાન સમય-સંજોગોમાં સંભાવિત હોય તેવા ટૂંકા ગાળે અમલમાં મૂકી શકાય તેવી જ નીતિ વિષયક ભલામણ દર્શાવામાં આવેલ છે.

6. ટૂંકો પરિપક્વતા સમયગાળો (Short Gestation Period):

વિકાસની ઇચ્છા આદિવાસી સમાજમાં પણ તીવ્ર જોવા મળે છે. ગરીબી, કંગાલિયત અને શિક્ષણ-તાલીમની ગેરહાજરી વર્તમાન સમયમાં આદિવાસી સમાજને હવે મંજૂર નથી, તેવા વર્તમાન સંજોગોમાં લાંબા ગાળે પરિવર્તન લાવતાં પગલાં પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા જોવા મળે છે. ટૂંકો પરિપક્વ સમયગાળો ધરાવતાં પરિવર્તનો લોકોને વિકાસ માટે ઉત્સાહિત કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખી અહી માત્ર એવા પરિવર્તનો સ્વીકાર્ય છે જે ટૂંકો પરિપક્વતા સમયગાળો ધરાવતા હોય.

7. સ્વયં-પ્રેરિત વિકાસ પ્રક્રિયાને પ્રોત્સાહન:

સામાન્ય અનુભવ વિકાસ પ્રક્રિયામાં એવો રહેલ છે કે કોઈ એક એજન્સી વિકાસ પ્રક્રિયાનો પ્રારંભ કરે પછી તે એજન્સીની ગેર-હાજરીમાં તે વિકાસ પ્રક્રિયા ધીમી પડે છે

કે થંભી જાય છે. અહી આ બાબતનો પૂરતો વિચાર કરી માત્ર એવી નીતિ અંગે ભલામણ કરેલ છે, જેમાં વિકાસની પ્રક્રિયા પ્રારંભમાં કોઈ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવે અને ત્યારબાદ એજન્સી તેમાથી બહાર નીકળી જશે અને વિકાસ પ્રક્રિયા આપમેળે (સ્વયં-પ્રેરિત) આગળ ચાલશે.

8. આદિવાસી સંસ્કૃતિ, અસ્મિતા સાથે વિકાસ:

આર્થિક વિકાસ પ્રક્રિયામાં ઘણાં પરિબળો આદિવાસી સંસ્કૃતિ, અસ્મિતાને પ્રભાવ પાડશે તેવી અપેક્ષા સામાન્ય છે. અહી માત્ર આર્થિક વિકાસ દર્શન રજૂ કરેલ છે, તેમાં આદિવાસી સંસ્કૃતિ, અસ્મિતા સાથે વિકાસપ્રક્રિયા આગળ વધશે તેવી અપેક્ષા રાખેલ છે, કારણ કે આદિવાસી સંસ્કૃતિ, અસ્મિતાને પ્રત્યક્ષ રીતે પ્રભાવિત કરતાં કોઈ પરિવર્તનો અંગે પ્રત્યક્ષ ભલામણ કરવામાં આવેલ નથી.

**5.4 ઉપસંહાર**

જિલ્લો એ ગુજરાતના ઉત્તર દિશામાં આવેલો એક સરહદ જિલ્લો છે આ જિલ્લો ખડકાળ અને રેતાળ ભૌગોલિક વિશેષતા ધરાવે છે જિલ્લાના સરહદીય પ્રાંતોમાં આદિવાસી વસ્તી વર્ષોથી વસવાટ કરતી આવી છે આ વખતે અનેક રીતે વિકલ્પોના અભાવે આર્થિક ગરીબીનો સામનો કરી રહેલ જોવા મળે છે. અહીં વિકાસની પ્રક્રિયા છેલ્લા દસકાઓમાં ગતિ પકડી રહી છે તેમ છતાં જિલ્લાના આદિવાસીઓને વિકાસ પ્રક્રિયામાં પોતાનો યોગ્ય હક અપાવવામાં હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જિલ્લો તે દૂધ ઉત્પાદન અને ડેરી પ્રવૃત્તિમાં દેશમાં અને દુનિયામાં અત્યંત અગ્રેસર રહેલ છે પરંતુ આ પ્રગતિ તે આદિવાસી સમાજને હજુ સુધી કોઈ ખાસ સ્પર્શ કરી શકી નથી. આદિવાસીઓમાં ગરીબી અને આર્થિક વિકલ્પોના અભાવે વિકાસ તેની પ્રારંભિક અવસ્થામાં જોવા મળે છે.

પ્રસ્તુત અહેવાલમાં જિલ્લા માટે વિવિધ યોજનાઓ અને વિવિધ પ્રદેશોમાં જે કોઈપણ આર્થિક પ્રગતિને લઈને જે કાર્ય થઈ રહ્યા છે તે તમામની અભ્યાસ પૂર્ણ વિગતો રજૂ કરવામાં આવી છે સંભવતઃ આ વિગતોમાં લગભગ તમામ વિગતો અભ્યાસ કરવામાં આવેલ છે તેમ છતાં જો કોઈ વિગત છૂટી જાય છે તો તે કાં તો પ્રમાણમાં નાની હશે અથવા તો કોઈ વિવાદ અસ્પદ વિગત હોય જેનો ઉલ્લેખ કરવામાં રહી ગયો હોય આમ કહી શકાય કે ના આદિવાસી સમુદાયના આર્થિક વિકાસ દર્શનમાં જે કાંઈ પણ ઉલ્લેખનીય છે તે તમામ વસ્તુઓનો અહીં સમાવેશ કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

જિલ્લાના આદિવાસી સમુદાયના વિકાસ માટે જિલ્લામાં સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો એટલે કે વિવિધ યોજનાઓમાં આદિવાસી સમુદાયની સહભાગીતા કેટલા પ્રમાણમાં છે તે જ અહીં જે તે ક્ષેત્રના ચિંતન દરમિયાન રજૂ કરવામાં આવેલ છે. શિક્ષણ ક્ષેત્ર સ્વાસ્થ્ય ક્ષેત્ર

ખેતી ક્ષેત્ર સેવા ક્ષેત્ર ઉદ્યોગ ક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં જે કોઈપણ સરકાર દ્વારા કાર્યની યોજનાઓ છે તેમાં આદિવાસી સમુદાયને જો શક્ય હોય તો કોઈ વિશેષ લાભ કેવી રીતે પહોંચાડી શકાય તેની પણ અહીં ચર્ચા કરવામાં આવેલ છે. ટૂંકમાં કહી શકાય કે સરકારી યોજનાઓ અને સરકારી પ્રયત્નોમાં જ્યાં પણ ખૂટતી કડી સમાન કોઈ અવકાશ દેખાય છે તો તેની ચર્ચા અહીં આવરી લેવા માટે પ્રયત્ન કર્યો છે.

જિલ્લાના આદિવાસીઓના આર્થિક વિકાસ દર્શન માટે તેમના પ્રત્યેક સંપર્ક અને સમુહ ચર્ચા દ્વારા જે કાંઈ પણ થયું તે તમામ વસ્તુઓનું અહીં વર્ણન કરવામાં આવેલ છે તેમ છતાં આ અહેવાલ મા જો કોઈ બાબતને ચર્ચા કરવામાં ન આવેલ હોય તો તે બાબત અન્ય કોઈ સ્થળે સામાન્ય સૂચનના એટલે કે ગુજરાત રાજ્યના સમગ્ર આદિવાસી સમાજ માટેના સૂચન તરીકે સ્થાન પામેલ હોઈ શકે, અર્થાત તેની ચર્ચા આ અહેવાલ જેનો ભાગ છે તેવા સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં થયેલ હોઈ શકે.

**સંદર્ભ:**

જીલ્લા આંકડાકીય રૂપરેખા,GOG

વિવધ વસ્તીગણત્રી અહેવાલો GOI

જીલ્લા આર્થિક સામાજિક રૂપરેખા અહેવાલો, GOG

District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

નોંધ: પ્રસ્તુત  જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના પાયામાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ  જિલ્લો કે જેGSIDS ની મદદ થકી ગુજરાત સરકાર દ્વારા નિર્મિત થયેલ છે તેની આંકડાકીય માહિતીનો સીધે સીધો ઉપયોગ કરેલો છે.  અહીં દ્વિતીય સ્તરની માહિતીની છણાવટ કરવા માટે છેલ્લામાં છેલ્લી માહિતી ની જરૂરિયાત હતી તથા માહિતીનું એકત્રીકરણ અત્યંત અનિવાર્ય હતું. આ સંદર્ભમાં ઉપરોક્ત જિલ્લા માનવ વિકાસ અહેવાલ  જિલ્લાની અમે ખૂબ જ મદદ લીધેલી છે. અમે જિલ્લા સંશોધક અને અન્ય સંશોધક ટીમ ગુજરાત સરકાર સ્થાપિત GSIDS  અને માનવ વિકાસ અહેવાલ  જિલ્લો નિર્માણ કરવામાં સક્રિય થયેલ સંપૂર્ણ સંશોધક ટીમનો અમે આભાર માનીએ છીએ